RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 16, Issue : 15, Dt.25-4-2025 Friday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI


# LOC પર ભારત-પાક સૈનિકો વચ્ચે રાતભર ગોળીબાર

## જમ્મુ-કાશ્મીરમાં સરહદ પર બંને દેશો વચ્ચે વધી ગરમાગરમીઃ પાકિસ્તાને નાના હથિયારોથી ગોળીબાર કરતાં ભારતનો જડબાતોડ જવાબઃ કાંકરીચાળો મોંઘો પડયો :ભારત આરપારનાં મુડમાં

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

પહેલગામ આતંકવાદી હુમલાને લઈને દેશમાં વિરોધ અને ગુસ્સા વચ્ચે કધઈ પર ભારત અને પાકિસ્તાનની સેનાઓ વચ્ચે તણાવ શરૂ થઈ ગયો છે. પાકિસ્તાની સેનાએ કેટલીક જગ્યાએ નાના હથિયારોથી ગોળીબાર કર્યો. ભારતીય સેનાએ આનો યોગ્ય જવાબ આપ્યો. આ ઘટનામાં બે ભારતીય સૈનિકોને ગોળી વાગી હોવાનું જાણવા મળી રહ્યું છે. ભારતીય સેનાના અધિકારીઓ વધુ માહિતી એકઠી કરી રહ્યા છે. બીજી તરફ, પહેલગામ આતંકવાદી હુમલાને લઈને દેશમાં દરેક જગ્યાએ વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે. લોકોમાં ભારે ગુસ્સો છે.

પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારત સતત પાકિસ્તાન વિરુદ્ધ કાર્યવાહી કરી રહ્યું છે. એવા સમાચાર છે કે હવે ભારત આગામી દિવસોમાં યુદ્ધવિરામનો અંત લાવી શકે છે. જોકે, સરકાર કે સેના દ્વારા આ અંગે સત્તાવાર રીતે કંઈ કહેવામાં આવ્યું નથી. ખાસ વાત એ છે કે પાકિસ્તાને અનેક વખત યુદ્ધવિરામનું ઉલ્લંઘન કર્યું છે અને નિયંત્રણ રેખા એટલે કે નિયંત્રણ રેખા પર ગોળીબારના અહેવાલો મળ્યા છે.



સીએનએન ન્યૂઝ૧૮ના અહેવાલમાં ટોચના સરકારી સૂત્રોને ટાંકીને કહેવામાં આવ્યું છે કે ભારત પાકિસ્તાન સાથે યુદ્ધવિરામ સમાપ્ત કરવાનું ગંભીરતાથી વિચારી રહ્યું છે. સૂત્રોનું કહેવું છે કે પાકિસ્તાન દ્વારા વારંવાર યુદ્ધવિરામ ઉલ્લંઘન અને સરહદ પારના આતંકવાદને રોકવામાં નિષ્ફળતાને કારણે ભારત કડક વલણ અપનાવી રહ્યું છે.

સૂત્રોએ ચેનલને જણાવ્યું છે કે ટોચના સુરક્ષા અધિકારીઓ યુદ્ધવિરામ સમાપ્ત કરવા અને તેના પરિણામો માટે સંપૂર્ણપણે તૈયાર છે.

તેમણે કહ્યું કે ભારતને તેની સરહદો અને નાગરિકોનું રક્ષણ કરવાનો સંપૂર્ણ અધિકાર છે અને આ સંદર્ભમાં નિર્ણય લેવામાં આવશે. અહેવાલ મુજબ, તેમણે વધુમાં કહ્યું કે પહેલગામમાં થયેલો આતંકવાદી હુમલો પાકિસ્તાનની નિષ્ફળતા દર્શાવે છે.

રિપોર્ટ અનુસાર, તેમણે કહ્યું કે પાકિસ્તાને આતંકવાદીઓને નાણાકીય સહાય પૂરી પાડવા અંગે ઋઅઝઋ (ફાઈનાન્સિયલ ટાસ્ક ફોર્સ) અને આંતરરાષ્ટ્રીય ભાગીદારોને આપેલા પોતાના વચનોનો વારંવાર ભંગ કર્યો છે. તેમણે કહ્યું કે લશ્કર અને ટીઆરએફ જેવા જૂથો નવા નામો સાથે ખુલ્લેઆમ કાર્યરત છે.

પાકિસ્તાની સેનાએ નિયંત્રણ રેખા પર ગોળીબાર કર્યો

ગુરુવારે રાત્રે જમ્મુ અને કાશ્મીરમાં નિયંત્રણ રેખા પર અનેક સ્થળોએ પાકિસ્તાની સેના દ્વારા કરવામાં આવેલા ગોળીબારનો ભારતીય સેનાએ અસરકારક રીતે જવાબ આપ્યો. આ ઘટના દરમિયાન કોઈ જાનહાનિના અહેવાલ નથી, એમ પીટીઆઈ ભાષાએ સૂત્રોને ટાંકીને જણાવ્યું હતું. પહેલગામ આતંકવાદી હુમલા બાદ બંને પક્ષો વચ્ચે વધી રહેલા તણાવ વચ્ચે પાકિસ્તાની સેનાએ ગોળીબાર કર્યો હતો. પહેલગામ હુમલામાં ૨૬ લોકો માર્યા ગયા હતા.આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી ટૂંક સમયમાં શ્રીનગર અને ઉધમપુર જવા રવાના થશે. સંરક્ષણ અધિકારીઓના જણાવ્યા અનુસાર, તેઓ કાશ્મીર ખીણમાં તૈનાત વરિષ્ઠ સેના કમાન્ડરો અને અન્ય સુરક્ષા એજન્સીઓના અધિકારીઓને મળશે. તેઓ ખીણમાં વર્તમાન સુરક્ષા પરિસ્થિતિનો તાગ મેળવશે. ઉપરાંત, તેઓ નિયંત્રણ રેખા પર પાકિસ્તાની સેના દ્વારા કરવામાં આવી રહેલા યુદ્ધવિરામ ઉલ્લંઘનના પ્રયાસોની સમીક્ષા કરશે.

પાકિસ્તાને ગુરુવારે ભારત સાથેના શિમલા કરાર અને અન્ય દ્વિપક્ષીય કરારોને સ્થગિત કરી દીધા, તમામ વેપાર બંધ કરી દીધો અને ભારતીય એરલાઈન્સ માટે તેનું હવાઈ ક્ષેત્ર બંધ કરી દીધું. તેમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે સિંધુ જળ સંધિ હેઠળ તેના માટે નક્કી કરાયેલા પાણીના પ્રવાહને રોકવા અથવા વાળવાનો કોઈપણ પ્રયાસ યુદ્ધ કરવા સમાન હશે.મંગળવારે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં ૨૬ લોકોના મોત બાદ ભારતે બુધવારે ૧૯૬૦ની સિંધુ જળ સંધિને સ્થગિત કરી દીધી હતી અને પાકિસ્તાન સાથેના રાજદ્વારી સંબંધો ઘટાડવાની જાહેરાત કરી હતી. મંગળવારે પહેલગામમાં થયેલા હુમલામાં ૨૬ લોકોના મોત થયા બાદ ભારતે આ નિર્ણય લીધો છે. પાકિસ્તાન સ્થિત પ્રતિબંધિત લશ્કર-એ-તૈયબાના ફ્રન્ટ સંગઠન, રેઝિસ્ટન્સ ફ્રન્ટ એ આ હુમલાની જવાબદારી સ્વીકારી.

# સરકારને સંસદનું ખાસ સત્ર બોલાવવા વિપક્ષનું સૂચન

## દેશ વડાપ્રધાન સાથે ઉભો છે, સંસદના વિશેષ સત્રમાં બધા પાસેથી સૂચનો લેવા જોઈએ : કપિલ સિબલ

**મુખ્ય સમાચાર,હલદ્વાની**

પહેલગામ આતંકવાદી હુમલા અંગે વરિષ્ઠ વકીલ અને રાજ્યસભા સાંસદ કપિલ સિબ્બલે કહ્યું, ''મારે વડા પ્રધાન માટે કેટલાક સૂચનો છે. આ અંગે ચર્ચા કરવા માટે સંસદનું ખાસ સત્ર બોલાવવું જોઈએ અને દરેક પાસેથી સૂચનો લેવા જોઈએ.

દેશ તેની સાથે ઉભો છે. આતંકવાદી આતંકવાદી હોય છે, તેનો કોઈ ધર્મ હોતો નથી. દેશની લાગણીઓને વિશ્વ સમક્ષ રજૂ કરવા માટે સર્વસંમતિથી ઠરાવ પસાર થવો જોઈએ.

આપણે શાસક અને વિપક્ષી પક્ષોના સાંસદોનું એક



પ્રતિનિધિમંડળ આફ્રિકા, અમેરિકા, યુરોપ, ચીન, જાપાન, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, રશિયા અને દક્ષિણ અમેરિકા જેવા દેશોમાં મોકલવું જોઈએ, જેથી આપણે તેમને વૈશ્વિક સ્તરે પરિસ્થિતિ વિશે જણાવી શકીએ. જો આપણે આ પગલું નહીં ભરીએ, તો આપણે રાજદ્વારી દબાણ બનાવી શકીશું નહીં.'

# વોડાફોન આઈડિયામાં મોટી બ્લોક ડીલ : ₹૮૨૩ કરોડના ૧.૪૪% ઈક્વિટી શેર્સની લે-વેચ

## સરેરાશ ₹૭.૯૮ પ્રતિ શેરના ભાવે સોદા થયા : કુલ વ્યવહાર મૂલ્ય ₹૮૨૩ કરોડને આંબી ગયું

**મુખ્ય સમાચાર,મુંબઈ**

વોડાફોન આઈડિયા લિમિટેડના શેર્સમાં શુક્રવારે ટ્રેડિંગની શરૂઆતમાં એક મોટો બ્લોક ડીલ થયા બાદ તેજી સાથે શરૂઆત થઈ હતી. ઉપલબ્ધ માહિતી અનુસાર, આ સોદામાં કુલ ૧૦૩ કરોડ શેર્સ એટલે કે કંપનીની કુલ બાકી ઈક્વિટીના ૧.૪૪% શેર્સની લે-વેચ થઈ હતી. આ શેર્સની લે-વેચ ૧૦ ટ્રાન્ઝેક્શનમાં થઈ હતી.

આ શેર્સની લે-વેચ સરેરાશ ₹૭.૯૮ પ્રતિ શેરના ભાવે થઈ હતી, જેના કારણે કુલ ટ્રાન્ઝેક્શનનું મૂલ્ય ₹૮૨૩ કરોડ સુધી પહોંચ્યું હતું. જો કે, આ ટ્રાન્ઝેક્શનમાં ખરીદદારો અને વેચાણકર્તાઓ કોણ હતા તેની માહિતી હજુ સુધી સામે આવી નથી.

ઉલ્લેખનીય છે કે વોડાફોન આઈડિયાએ તાજેતરમાં સરકારને બાકી રહેલા ₹૩૬,૦૦૦ કરોડથી વધુના સ્પેક્ટ્રમ ડ્યુઝને ઈક્વિટી શેર્સમાં રૂપાંતરિત કર્યા હતા. આ પછી દેવામાં ડૂબેલી ટેલિકોમ ઓપરેટરમાં સરકારની હિસ્સેદારી વધીને ૪૮.૯૯% થઈ ગઈ છે.

ભારતીય ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા સોમવારે જાહેર કરવામાં આવેલા ડેટા અનુસાર, વોડાફોન આઈડિયાએ જાન્યુઆરી મહિનામાં ૧૩.૪ લાખ યુઝર્સ ગુમાવ્યા હતા. માર્ચ ક્વાર્ટરના અંત સુધીમાં ₹૨ લાખ સુધીની અધિકૃત શેર મૂડી ધરાવતા ૫૯.૦૬ લાખ રિટેલ શેરહોલ્ડર્સ હવે વોડાફોન આઈડિયામાં હિસ્સો ધરાવે છે.

માર્ચ ક્વાર્ટરના અંત સુધીમાં ભારતના સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ્સે પણ વોડાફોન આઈડિયામાં તેમનો હિસ્સો વધાર્યો છે. ડિસેમ્બર ક્વાર્ટરના અંતે ૨૮ ફંડ્સ પાસે કંપનીનો ૩.૬% હિસ્સો હતો, જેની સરખામણીએ હવે ૩૨ ફંડ્સ પાસે સંયુક્ત રીતે ૪.૫% હિસ્સો છે. બ્લોક ડીલ બાદ વોડાફોન આઈડિયાના શેર્સમાં ૩%નો વધારો જોવા મળ્યો હતો અને તે ₹૮.૧૯ પર ટ્રેડ થઈ રહ્યો હતો. જો કે, આ સ્ટોક તેના ૫૨-સપ્તાહના ઊંચા સ્તર ₹૧૯.૧૮થી હજુ પણ ૬૦%થી વધુ નીચે છે. ૧૫ ટકા આદિત્ય બિરલા જૂથ પાસે છે અને ૩૮ ટકા લોકો પાસે છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે મેનેજમેન્ટ સકારાત્મક છે કે ૨૦૨૪ની લોકસભાની ચૂંટણી પછી ટેલિકોમ ઉદ્યોગમાં ટૂંક સમયમાં ટેરિફમાં વધારો થશે, જે નેટવર્ક અને સ્પેક્ટ્રમ ખર્ચની ભરપાઈ કરવા માટે જરૂરી છે. સીટીનો અંદાજ છે કે ટેરિફમાં વધારો બે રાઉન્ડમાં જોવા મળી શકે છે. ટેરિફ વધારા ઉપરાંત, વોડાફોન આઈડિયાને ૨જીથી ૪જીમાં અપગ્રેડ થતા ગ્રાહકોનો પણ ફાયદો થશે.

# ગટર સફાઈમાં કામદારોના મોતના વધુ બનાવોથી હાઈકોર્ટ આકરાપાણીએ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ગટર સફાઈ દરમિયાન કામદારોમાં ગુંગળાઈ જવાથી કરુણ મોતના કિસ્સાઓ માં સુપ્રીમ કોર્ટના આદેશો હોવા છતાં તેનું યોગ્ય પાલન નહીં કરવામાં આવતા ગુજરાત હાઈકોર્ટે આ કેસમાં આગામી મુદતે ખુદ રાજયના એડવોકેટ જનરલને હાજર રહેવા સ્પષ્ટ તાકીદ કરી કેસની વધુ સુનાવણી તા.પમી મેના રોજ મુકરર કરી હતી. આ સાથે અદાલતે રાજ્ય સરકારના વલણની આકરા શબ્દોમાં ઝાટકણી કાઢી હતી.

અરજદાર સંસ્થા માનવ ગરિમા તરફથી અદાલતનું ધ્યાન દોરાયું હતું કે, છેલ્લા દોઢ મહિના જેટલા સમયમાં ગુજરાતમાં વધુ ત્રણ સફાઈ કામદારોના મોત નોંધાયા છે. જેમાં એક કિસ્સામાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હકુમત વિસ્તારમાં આવતાં જજીસ બંગલો વિસ્તારમાં સફાઈ કામદારે પોતાના જીવ ગુમાવ્યો છે.

તો, બે સફાઈ કામદારોના મોત જૂનાગઢ મહાનગરપાલિકા હસ્તકના વિસ્તારોમાં નોંધાયા છે. હાઈકોર્ટ અને સુપ્રીમકોર્ટના સ્પષ્ટ નિર્દેશો છતાં મેન્યુઅલ સ્કવેન્જીંગથી ગટર-મેનહોલ સફાઈ દરમ્યાન કામદારોના સતત મોત નીપજી રહ્યા હોવાની ઘટનાઓ ઘણી ગંભીર અને આઘાતજનક છે. આજ રોજ થયેલી સુનાવણી દરમિયાન હાઈકોર્ટે સાફ શબ્દોમાં જણાવ્યું કે, સંબંધિત સત્તાધીશોએ હવે આવી ઘટનાઓમાં જવાબદારો સામે કાયદેસર પગલાં લેવા જ પડશે. ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે મેન્યુઅલ સ્કવેન્જીંગ દરમ્યાન સફાઈ કામદારોના મોતના મામલાઓમાં રાજયની મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો, નગર પંચાયતો દ્વારા કોન્ટ્રાકટર સહિતના જવાબદારો સામે શું પગલાં લેવાયા છે તે મુદ્દે કમિશનર ઓફ મ્યુનિસિપાલિટીઝ પાસેથી જવાબ માંગ્યો છે. હાઈકોર્ટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન પાસેથી પણ સમગ્ર મામલે જવાબ માંગ્યો છે.

દરમ્યાન હાઈકોર્ટે રાજય સરકાર અને સત્તાવાળાઓને ઝાટકતાં ગંભીર વેધક સવાલો કર્યા હતા કે, વારંવાર આ પ્રકારના બનાવો બની



રહ્યા છે તો તેની કોઈ યોગ્ય તપાસ થાય છે કે કેમ...?, આવા કિસ્સાઓમાં કોન્ટ્રાકટરો સામે શું પગલાં લેવાય છે...?, આવી ઘટનાઓમાં જવાબદારો સામે સખત કાર્યવાહીની હવે જરૂર છે.જો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કોન્ટ્રાકટર જ મેન્યુઅલ સ્કેવેન્જીંગ કરાવતા હોય તો પાટડી નગરપાલિકા પાસે સાધનોને લઈ શું અપેક્ષા રાખી શકાય..હવે સંવેદનશીલતા રાખવાથી કશું નહી થાય, જવાબદારો સામે કાયદેસર પગલાં લેવા જ પડશે. હવે સંવેદનશીલતા ફેલાવવાથી કશું નહીં થાય, જવાબદાર લોકો સામે કાનૂની પગલા જ લેવા પડશે.

# પહેલગામ હુમલાના આતંકીઓ સામે તંત્રની કડક કાર્યવાહી:મકાન પર બુલડોઝર ફેરવ્યું

**મુખ્ય સમાચાર,જમ્મુ**

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં સંડોવાયેલા બે સ્થાનિક આતંકીઓ સામે સુરક્ષા દળોએ મોટી કાર્યવાહી કરી છે. અનંતનાગ જિલ્લાના બિજબહેરાના ત્રાલના ગોરી વિસ્તારમાં એક આતંકીના ઘરને બોમ્બથી ઉડાવી દેવામાં આવ્યું છે, જ્યારે બીજા શંકાસ્પદ આતંકીના ઘરને બુલડોઝરથી જમીનદોસ્ત કરી દેવામાં આવ્યું છે.



સૂત્રોના જણાવ્યા અનુસાર, દક્ષિણ કાશ્મીરના ગુરી ગામમાં સુરક્ષા દળો દ્વારા હાથ ધરવામાં આવેલા સર્ચ ઓપરેશન દરમિયાન એક શંકાસ્પદ આતંકીના ઘરમાં કેટલીક શંકાસ્પદ વસ્તુઓ જોવા મળી હતી. ખતરાને પારખીને સુરક્ષા દળોએ પોતાની સલામતી સુનિશ્ચિત કરવા માટે પીછેહઠ કરી હતી. જો કે, પીછેહઠ કર્યાના થોડા સમય બાદ એક જોરદાર વિસ્ફોટથી ઘરને ભારે નુકસાન પહોંચ્યું હતું. કહેવામાં આવી રહ્યું છે કે આ ઘર પહેલગામ હુમલામાં સામેલ આતંકી આદિલનું હતું. દક્ષિણ કાશ્મીરના ત્રાલમાં લશ્કરના આતંકી આસિફ શેખના ઘરને જમ્મુ-કાશ્મીર પ્રશાસને બુલડોઝરથી તોડી પાડ્યું છે. આ કાર્યવાહી આતંકવાદીઓને તેમના કૃત્યોની કિંમત ચૂકવવાનો સ્પષ્ટ સંદેશ આપે છે. તંત્ર દ્વારા આતંકવાદને કોઈપણ ભોગે સહન નહીં કરવામાં આવે તેવો સંકેત આપવામાં આવ્યો છે. પહેલગામ હુમલાના અન્ય આરોપીઓની શોધખોળ પણ ચાલુ છે.

# પહેલગામ હુમલા બાદ શ્રીનગરથી દિલ્હીના વિમાન ટિકીટના ભાવ ચાર ગણો વધારો

## ૫ હજારથી ૭ હજારમાં મળતી ટિકીટના ભાવ ૯ હજારથી વધુ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

પહેલગામ હુમલા બાદ નાગરીક ઉડ્ડયન મંત્રીના સખ્ત નિર્દેશ છતા પણ શ્રીનગરથી દિલ્હી અને અન્ય જગ્યાઓ માટે પરત ફરી રહેલા પર્યટકો માટે વિમાન ટીકીટ મોંઘી થઈ રહી છે.

ગુરૂવારે શ્રીનગરથી દિલ્હી વચ્ચે વિમાનની ટિકીટનો ભાવ ૯ હજારથી ૧૯ હજાર સુધીનો રહ્યો હતો. સામાન્ય દિવસોમાં ટિકીટની કિંમત પાંચથી સાત હજાર રૂપિયા હોય છે.

ઉલ્લેખનીય છે કે, પહેલગામ આતંકી હુમલા બાદ મોટી સંખ્યામાં લોકો કાશ્મીરથી નીકળવા માંગે છે જેને લઈને કેન્દ્રીય ઉડ્ડયન મંત્રી રામમોહન નાયડુએ બધી વિમાન કંપનીઓને નિર્દેશ આપ્યો હતો કે તે વિમાન ટીકીટ ભાડાની કિંમતો નિયંત્રણમાં રાખે તેના પર સરકાર દ્વારા વોચ રાખવામાં આવી રહી છે. જોકે આમ છતાં પણ સામાન્ય દિવસોની તુલનામાં ટિકીટનાં ભાવ વધુ છે.

સવારે શ્રીનગરથી દિલ્હીની ફલાઈટની ટિકીટ ૯ હજારમાં મળતી હતી જે જે બપોરે ૧૪ થી ૧૫ હજારમાં મળતી હતી. ઉલ્લેખનીય છે કે મંત્રાલયનાં હસ્તક્ષેપ બાદ વિમાન કંપનીઓએ શ્રીનગર આવતા જતા યાત્રીઓને ૩૦ એપ્રિલ સુધી ટીકીટ રદ કરાવવા કે પછી યાત્રાની તારીખમાં ફેરફાર કરવા પર બધા પ્રકારનાં ચાર્જને હટાવી લીધા હતા. પણ તત્કાલ ટિકીટ સામાન્ય દિવસોમાં




પણ મોંઘી છે.

બીજી બાજુ મુંબઈ માટેની ફલાઈટની ટીકીટ સસ્તી હતી સ્પાઈસ જેટ, ઈન્ડીગો, એર ઈન્ડીયા એકસપ્રેસ તરફથી શ્રીનગરથી મુંબઈની વિમાની સેવા ઉપલબ્ધ કરાઈ હતી.

સીધી મુંબઈ જતી વિમાનની ટીકીટ ભાવ સસ્તા હતા. જયારે શ્રીનગરથી દિલ્હી થઈને મુંબઈ જતી ફલાઈટની ટિકીટનાં ભાવ ૧૩ હજારથી વધુ હતા. જયારે જયરે રોકાયા વિના મુંબઈ જતી અકાસા એર અને એર ઈન્ડીયાનાં ટિકીટના ભાવ ૧૦ હજારથી વધુ હતા.

# રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાએ ૨૦૨૫ માં ૫૭.૫ ટન સોનુ ખરીદ કર્યું

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

સોનાના ભાવોમાં કેટલાંક વખતથી અસામાન્ય અને રેકોર્ડબ્રેક તેજી છે ત્યારે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાએ નાણાં વર્ષ ૨૦૨૫ માં ૫૭.૫ ટન સોનુ ખરીદ કર્યું હોવાનું જાહેર થયુ છે. એક જ વર્ષમાં સૌથી વધુ સોનુ ખરીદવામાં આ જથ્થો બીજા નંબરે છે.

વિશ્વમાં જુદા જુદા ક્ષેત્રોમાં ભૌગોલીક ટેન્શન, અમેરિકી ડોલરમાં ઉથલપાથલ, અમેરિકી સરકારી બોન્ડ માથે સંકટના વાદળો સહિતનાં કારણોથી 'સેફ હેવન' સમાન સોનુ ખરીદવાનું વલણ અપનાવાયુ છે.

માર્ચ ૨૦૨૫ ના અંતે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા પાસે સોનાનો કુલ સ્ટોક ૮૭૯.૬ ટન થયો છે જે આગલા નાણાંકીય વર્ષના અંતે ૮૨૨.૧ ટન હતો. રિઝર્વ બેન્કે એક વર્ષમાં સૌથી વધુ ૬૬ ટન સોનુ નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માં ખરીદ કર્યું હતું.૨૦૨૨-૨૩ માં ૩૫ ટન તથા ૨૦૨૩-૨૪ માં ૨૭ ટન સોનુ ખરીદ કરાયું હતું.

અમેરિકામાં રાષ્ટ્રપતિ પદની ચુંટણી વખતથી ડોલરમાં ઉથલપાથલ શરૂ થઈ હતી અને ત્યારથી માત્ર ભારત જ નહિં વિશ્વભરની દેશોની સેન્ટ્રલ બેંકોની સોનાની ખરીદી વધવા લાગી હતી. સેફ હેવન ઉપરાંત ફુગાવા સામે 'હેજ' માટે સોનું ખરીદવામાં આવતુ હોય છે.

નિષ્ણાંતોનાં કહેવા પ્રમાણે અમેરિકન ટ્રેઝરી તરફ આકર્ષણ ઓછુ થતાં સેન્ટ્રલ બેંકનું ફોકસ સોનાની ખરીદી તરફ વળ્યુ હતું. વિશ્વના તમામ દેશો અમેરિકી ટ્રેઝરી તરફથી ધ્યાન હટાવીને સોનાનો સ્ટોક વધારવાનું



વલણ અપનાવી રહી છે.

વર્લ્ડ ગોલ્ડ કાઉન્સીલનાં રીપોર્ટમાં પણ એવો નિર્દેશ કરવામાં આવ્યો હતો કે વધતી ગોલ્ડ ડીમાંડમાં વિશ્વની સેન્ટ્રલ બેંકોની મોટી ભૂમિકા રહી છે. ૧૧ એપ્રિલની સ્થિતિએ ભારતના વિદેશી હુંડીયામણ અનામતમાં સોનાનો હિસ્સો ૧૧.૮ ટકા હતો જે એક વર્ષ પૂર્વે ૮.૭ ટકા રહ્યો હતો. ચાલુ વર્ષમાં સોનામાં ૩૦ ટકાનો ભાવ વધારો થયો છે. તેનો પણ રીઝર્વ બેન્કને લાભ મળ્યો છે.

ભારતને લાગેવળગે છે ત્યાં સુધી સોનાના સ્ટોકમાં વધારો કરવાથી વિદેશી કરન્સી માર્કેટમાં ઉથલપાથલ સાથે પણ રક્ષણ મળી રહયું છે. જાન્યુઆરીથી નવેમ્બર ૨૦૨૪ માં રીઝર્વ બેન્કે દર મહિને સરેરાશ ૬.૬ ટન સોનુ ખરીદ કર્યું હતું.ડીસેમ્બર તથા ફેબ્રુઆરીમાં કોઈ ખરીદી કરી ન હતી જાન્યુઆરી-માર્ચની ખરીદી પણ માસીક એવરેજથી ઓછી હતી.

# જસદણમાં મેઈન બજારનો રોડ બિસ્માર હાલતમાં: લોકોની નવો રોડ બનાવવાની માંગ

## ખાડાઓ, તૂટેલી સપાટી અને અપૂરતી ડ્રેનેજ વ્યવસ્થાએ આ રોડને નાગરિકો માટે મુસીબતરૂપ બનાવ્યો છે

**મુખ્ય સમાચાર,જસદણ**

જસદણ શહેરના હૃદયસ્થાન સમાન મેઈન બજારના રોડની બિસ્માર હાલતને કારણે સ્થાનિક નાગરિકો અને વેપારીઓમાં ભારે રોષ ફેલાયો છે. ખાડાઓ, તૂટેલી સપાટી અને અપૂરતી ડ્રેનેજ વ્યવસ્થાએ આ રોડને નાગરિકો માટે મુસીબતરૂપ બનાવ્યો છે. આ રોડનું તાત્કાલિક નવીનીકરણ કરવાની માંગણી સ્થાનિકોએ જસદણ નગરપાલિકાના સત્તાધીશો અને વહીવટી તંત્ર સમક્ષ ઉઠાવી છે.

**નાગરિકોની સમસ્યાઓ:**

જસદણમાં મેઈન બજારનો આ રોડ શહેરનો મુખ્ય વ્યવસાયિક અને ટ્રાફિકનો માર્ગ છે. જ્યાં દરરોજ હજારો લોકો અને વાહનોની અવરજવર રહે છે. જોકે, રોડની ખરાબ હાલતને કારણે અકસ્માતોનું જોખમ વધ્યું છે. સ્થાનિક વેપારીઓએ જણાવ્યું હતું કે, આ રોડમાં પડેલા અસંખ્ય ખાડાઓના કારણે ગ્રાહકો બજારમાં આવવાનું ટાળે છે, જેનાથી અમારો વેપાર ખોરવાયો છે. ચોમાસામાં તો રોડ પર પાણી ભરાઈ જાય છે. આ ઉપરાંત, રાહદારીઓ તેમજ ખાસ કરીને વૃદ્ધો અને બાળકો માટે આ રોડ પર ચાલવું જોખમી બન્યું છે. વધુમાં જસદણના જાગૃત નાગરિકોએ આ રોડ અંગે ફરિયાદ કરતાં કહ્યું હતું કે, ખાડાઓમાં પડીને ઘણા લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ રોડની મરામત કે નવનિર્માણ માટે તંત્ર ક્યારે પગલાં લેશે?.

**અકસ્માતોનું જોખમ:**

જસદણ-આટકોટ ફોર-લેન રોડની ખામીઓની સાથે મેઈન બજારના આ રોડની બિસ્માર હાલતે શહેરની ટ્રાફિક સમસ્યાને વધુ ગંભીર બનાવી છે. જસદણ-આટકોટ ફોર-લેન હાઈવે પર લેવલિંગની ખામીઓને કારણે અકસ્માતોના બનાવો વધી શકે છે. ત્યારે જસદણ શહેરની મેઈન બજારના રોડની સમસ્યા આ આગને વધુ હવા આપે છે. કારણ કે બજારના રોડની ખરાબ હાલત વાહનચાલકો માટે અને રાહદારીઓ માટે પણ મુશ્કેલી ઊભી કરે છે.

**નાગરિકોની માંગણી:**

સ્થાનિક નાગરિકો અને વેપારી સંઘે જસદણ નગરપાલિકાને આ રોડના નવનિર્માણ માટે તાત્કાલિક પગલાં લેવા માંગણી કરેલ છે. તેઓની માંગ છે કે, આ રોડનું લેવલિંગ, ડ્રેનેજ સિસ્ટમ અને સલામતી સુવિધાઓ સાથે આધુનિક રીતે નવનિર્માણ કરવામાં આવે. વધુમાં વેપારીઓએ અને રહીશોએ જણાવ્યું હતું કે, અમે દર વર્ષે જસદણ પાલિકાને તગડો ટેક્સ ભરીએ છીએ, પરંતુ બજારના રોડની હાલત જોતાં લાગે છે કે તંત્ર આ મુદ્દે ગંભીર નથી. અમે નવો રોડ બનાવવાની માંગ કરીએ છીએ. જેથી વેપાર અને નાગરિકોની સુવિધા વધે.

**સરકારી પહેલ અને હકીકત:**

ગુજરાત સરકારે ૨૦૧૬માં માર્ગ સલામતી પ્રોજેક્ટ હેઠળ ૧૦૮ GVK EMRI સાથે મળીને રોડ સલામતી માટે જાગૃતિ અભિયાનો શરૂ કર્યા હતા.



આ ઉપરાંત, રાષ્ટ્રીય માર્ગ સુરક્ષા મહિના ૨૦૨૫માં પણ સલામતી માટે કાર્યક્રમો યોજાયા હતા. જોકે, જસદણ મેઈન બજારના રોડની હાલત જોતાં આ પહેલોની અસરકારકતા પર સવાલો ઉભા થાય છે.

**નિષ્કર્ષ અને સવાલ:**

જસદણની મેઈન બજારના બિસ્માર રોડે નાગરિકો અને વેપારીઓની રોજિંદી જીવનશૈલીને અસર કરી છે. શું તંત્ર નાગરિકોની માંગણીને ધ્યાને લઈ રોડનું નવનિર્માણ કરશે? શું જસદણ નગરપાલિકા આ મુદ્દે કોન્ટ્રાકટરોની જવાબદારી નક્કી કરી કડક પગલાં લેશે? આ પ્રશ્નોના જવાબ હવે જસદણના નાગરિકો માગે છે.

(તસવીર: બિજલ ભેસજાળીયા જસદણ)

# કુંવરજીભાઈ બાવળિયા, ચંદ્રવદન પીઠવાલા અને રસિક ચાવડાની મુલાકાત



અબ્દુલ પઠાણ ઉના

ગાંધીનગર ખાતે અખિલ ભારતીય કોળી સમાજ ના પ્રદેશ પ્રમુખ અને કોળી સમાજ ના ભામાશા અનેક સામાજિક શૈક્ષણિક સંસ્થાઓ સાથે જોડાયેલ ચંદ્રવદન પીઠાવાલા સાથે ઉના ના કોળી સમાજ ના યુવા આગેવાન અને અખિલ ભારતીય કોળી સમાજ ના પ્રદેશ મહામંત્રી રસિક ચાવડા (આર. સી.) ની મુલાકાત ગુજરાત સરકાર ના પાણી પુરવઠા અને સિંચાઈ કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળિયા સાથે થઈ.સામાજિક ચર્ચા ઓ સાથે બિહાર કોળી સમાજ ના પ્રમુખ એ સંગઠન માં જોડાવા બાબતે દરખાસ્ત કરી હતી અને તે બાબતે ચર્ચા ઓ થઈ.સામજિક વિકાસ બાબતે ચર્ચાઓ માં સાથે ચીખલી કોળી સમાજ ના સંગઠન મંત્રી દિનેશભાઈ પટેલ પણ હાજર રહ્યા હતા.

# જમ્મુ કાશ્મીરમાં જામનગરના લોકો ફસાયા





જામનગર જમ્મુ કાશ્મીરમાં જામનગરના લોકો ફસાયા.જમ્મુ કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ સમગ્ર વિસ્તારમાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ત્યારે આ આતંકવાદી હુમલા વચ્ચે જામનગરના ૭૦ યાત્રિકો ત્યા ફસાયા છે. જે તમામ લોકો સુરક્ષિત છે, પણ એમને ભય સતાવી રહ્યો છે. જે પરિવારજનો સાથે વીડિયો કોલથી સંપર્કમાં છે. મળતી માહિતી મુજબ આ યાત્રિકો મોરારી બાપુની કથા સાંભળવા શ્રીનગર ગયા હતા.યાત્રિકોમાં સામેલ પ્રદીપભાઈ રાવલ અને ભાવનાબેન રાવલ એક સપ્તાહ પહેલા શ્રીનગર પહોંચ્યા હતા. છેલ્લા ત્રણ દિવસથી પહેલગામની ઘટના બાદ ત્યાં ફસાયા છે. યાત્રિકોના પરિવારજનો સાથે વીડિયો કોલ દ્વારા વાતચીત થઈ હતી. તમામ યાત્રિકો સુરક્ષિત છે અને સવારે ૮-૯ વાગ્યે શ્રીનગરથી જમ્મુ તરફ બસ મારફતે રવાના થયા છે.યાત્રિકોની રિટર્ન ટિકિટ ૨૯ એપ્રિલની હતી પણ હાલ શ્રીનગરમાં રહેવાની કોઈ વ્યવસ્થા ન હોવાથી તમામને જમ્મુ તરફ મોકલવામાં આવ્યા છે. યાત્રિકો આજે સાંજ સુધીમાં જમ્મુ પહોંચી જશે. જમ્મુથી જામનગર પરત ફરવા માટેની વ્યવસ્થા અંગે પ્રયાસો ચાલુ છે. હાલ આ અંગે કોઈ ચોક્કસ માહિતી ઉપલબ્ધ નથી.

# ભારતીય મજદુર સંઘનું સંમેલન યોજાયું



જામનગર ભારતીય મજદૂર સંઘ જિલ્લાનું સંમેલન તાજેતરમાં શહેરના હવાઈ ચોક પાસે આવેલ હાટકેશ્વર મંદિર ખાતે યોજાયું હતું. જેમાં.ભારતીય મજદુર સંઘના જામનગર જિલ્લાના પ્રભારી પંકજભાઈ રાયચુરા, જિલ્લા મંત્રી મનિષભાઈ ગોહિલ, સહમંત્રી નરેશભાઈ ઠાકર અને એસ.ટી. મજદુર મહાસંઘના પ્રદેશમંત્રી રાજદિપસિંહ ગોહિલ, સિમેન્ટ ઉદ્યોગાન ધિસુલાલજી, જામનગર જિલ્લા આંગણવાડી કર્મચારી સંઘના પુર્ણાબેન દવે, મેઘનાબેન ચતવાણી, આરતીબેન વારા, સરસ્વતીબેન જેઠવા, ક્રિષ્નાબેન ત્રિવેદી તેમજ એસ.ટી. મજદુર સંઘના સિમેન્ટ ઉદ્યોગ, નગરપાલિકા, જી.આઈ. એસ.એફ. ના પ્રતિનિધિઓ, લાલપુર, કાલાવડ, જામજોધપુર કેન્દ્રના આંગણવાડી બહેનો અને આશાવર્કર બહેનો સહિત મોટી સંખ્યામાં પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# ભારતીય જનતા પાર્ટી દ્વારા યોજાયો પ્રબુદ્ધ સંમેલન

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરમાં બંધારણના ઘડવૈયા બાબાસાહેબ આંબેડકરજીના જીવન કવન પર અને તેમના સમર્પણ અન્વયે સંમેલન નું આયોજન ભારતીય જનતા પાર્ટી જામનગર મહાનગર દ્વારા કરવામાં આવેલ માનનીય નરેન્દ્રભાઈ મોદીની સરકારમાં બાબાસાહેબ આંબેડકર જઈને વિશેષ સ્થાન આપવામાં આવેલ છે તેઓના જીવન તેઓના સમર્પણ ને વિશે સન્માન પ્રદાન કરવામાં આવેલ છે તેઓએ દેશના વડતરમાં જે અભૂતપૂર્વ યોગદાન આપ્યું. પ્રવર્તમાન ભારતના બંધારણ ના ઘડતરમાં તેઓનું સમર્પણ સહિત બાબત મુદ્દે પ્રબુદ્ધ સંમેલનનું આયોજન કરવામાં આવેલ હતું.



આ તબક્કે શહેર અધ્યક્ષ બીનાબેન કોઠારી, ધારાસભ્ય રિવાબા જાડેજા સહિત મુખ્ય વક્તા કશ્યપભાઈ શુકલ તથા ગોવિંદભાઈ પટેલ દ્વારા ઉદબોદન કરવામાં આવેલ

આ કાર્યક્રમમાં શહેર અધ્યક્ષ બીનાબેન કોઠારી સાંસદ પૂનમબેન માડમ ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી રિવાબા જાડેજા, મુખ્ય વક્તા કશ્યપભાઈ શુકલ તથા ગોવિંદભાઈ પટેલ, મહામંત્રી પ્રકાશભાઈ બામભણીયા, વિજયસિંહ જેઠવા, મેરામણભાઈ ભાટુ, મેયર વિનોદભાઈ ખીમસુરીયા. શિક્ષણ સમિતિના ચેરમેન પરસોતમભાઈ કકનાણી પૂર્વ અધ્યક્ષ વિમલભાઈ કગથરા.વિજય પરમાર.સહિત પૂર્વ ધારાસભ્યો પૂર્વ મેયર પૂર્વ પ્રમુખો કોર્પોરેટર વોર્ડ પ્રમુખ સિનિયર આગેવાનો પેજ પ્રમુખો સમિતિના સભ્યો કાર્યકર્તાઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગરમાં પોષણલક્ષી પહેલોની નિયમિત અમલવારી કરી જિલ્લામાં કુપોષણ નાબૂદી અંગે વિશેષ કામગીરી હાથ ધરાઈ

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર જિલ્લામાં પોષણ પખવાડિયાની સફળ સંપૂર્તિ: માતા અને બાળકોના પોષણ માટે હાથ ધરાઈ સઘન કામગીરી.પોષણ અભિયાન હેઠળ જામનગર જિલ્લામાં ૧૪,૧૨૨ કિશોરીઓને પૂર્ણા શક્તિ, ૧૯,૩૯૯ બાળકોને બાલશક્તિ અને ૩,૪૫૫ સગર્ભા તથા ૨,૬૧૫ ધાત્રીઓને માતૃશક્તિના પેકેટ્સનું વિતરણ કરાયું ગૃહ મુલાકાત અને માર્ગદર્શન થકી આરોગ્ય તપાસણી અને મોનિટરિંગ દ્વારા જામનગર જિલ્લામાં પોષણ સ્તર સુધારવાના પ્રયાસો હાથ ધરાયા.મમતા દિવસથી મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના સુધી જામનગરમાં પોષણલક્ષી પહેલોની નિયમિત અમલવારી કરી જિલ્લામાં કુપોષણ નાબૂદી અંગે વિશેષ કામગીરી હાથ ધરાઈ.જામનગર, ૨૦૨૫ રાજ્યમાં મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા એપ્રિલ-૨૦૨૫ના તા.૮ થી ૨૨ દરમિયાન ઉજવાયેલ પપોષણ પખવાડિયું - ૨૦૨૫થ જામનગર જિલ્લામાં સફળતાપૂર્વક સંપન્ન થયું. રાજ્ય અને દેશને પોષણયુક્ત બનાવવાના ઉદ્દેશ્ય સાથે ચલાવવામાં આવેલા આ અભિયાન અંતર્ગત જામનગર જિલ્લામાં માતા અને બાળક, સગર્ભાઓ, ધાત્રીઓ અને કિશોરીઓના પોષણ માટે વ્યાપક કામગીરી હાથ ધરવામાંઆવી.વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ષ ૨૦૧૮માં શરૂ કરાયેલ પોષણ અભિયાનનો મુખ્ય ધ્યેય ૦-૬ વર્ષના બાળકો, કિશોરીઓ, સગર્ભા અને ધાત્રીમાતાના પોષણ સ્તરમાં સુધારો લાવવાનો છે. આ મિશન અંતર્ગત બાળકમાં કુપોષણ ઘટાડવા, કિશોરીઓ અને મહિલાઓમાં એનિમિયાનું પ્રમાણ ઘટાડવા અને ઓછા વજનવાળા બાળકોના જન્મદરમાં ઘટાડો કરવા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે.જામનગર જિલ્લામાં પોષણ પખવાડિયા દરમિયાન વિવિધ આયોજનો કરવામાં આવ્યા, જેમાં નીચે મુજબની નોંધપાત્ર કામગીરી



હાથ ધરાઈ.જેમાં જિલ્લાની અંદાજે ૧૪,૧૨૨ કિશોરીઓને પૂર્ણા શક્તિના પેકેટ્સનું વિતરણ કરવામાં આવ્યું.૬ માસથી ૩ વર્ષના આશરે ૧૯,૩૯૯ બાળકોને બાલશક્તિ અને ૩,૪૫૫ સગર્ભા તથા ૨,૬૧૫ ધાત્રીઓને માતૃશક્તિના પેકેટ્સનું વિતરણ કરાયું. આ સાથે લાભાર્થીઓને તેના ઉપયોગ અંગે માહિતી પણ આપવામાં આવી.૦-૬ વર્ષના બાળકો, ધાત્રીઓ અને કિશોરીઓના આરોગ્યની તપાસણી કરવામાં આવી અને તેમને પૂરક આહારનું વિતરણ કરાયું.જિલ્લાના ૦ થી ૬ વર્ષના અંદાજે ૪૩,૩૭૩ બાળકોના વજન અને ઊંચાઈનું રિઅલ ટાઈમ મોનિટરિંગ કરવામાં આવ્યું. તેમજ સગર્ભા અને ધાત્રી માતાઓ તેમજ કિશોરીઓની બોડી માસ ઈન્ડેક્સ બીએમઆઈ.અને હિમોગ્લોબીન એચબી. ટેસ્ટ સહિત આરોગ્ય તપાસણી કરવામાં આવી. સાથે પોષણ પખવાડિયા અંતર્ગત ૭,૮૧૬ લાભાર્થીઓના ઘરે મુલાકાત લેવામાં આવી અને તેમને પોષણ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું.

# એસ.ઓ.જી.પીઆઈના રાઈટરની નકલી ઓળખ આપી વેપારી પાસેથી દોઢ લાખનો તોડ કરનાર આરોપી ઝડપાયો

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરમાં એસ.ઓ.જી પોલીસની ઓળખ આપી એક શખ્સે વેપારી પાસેથી ૧.૫૭ લાખ રૂપિયા પડાવી લીધા હતા. જે મામલો પોલીસ મથકે પહોંચ્યા બાદ પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી આરોપીને ઉઠાવી લીધો છે. પોલીસે આરોપીના મોબાઈલ નંબરના આધારે તેની ઓળખ કરી લીધી હતી.મહત્વનું છે કે વેપારી યુવાનના મામા એક કેસમાં જેલવાસ ભોગવી રહ્યાં હતાં આ દરમિયાન કેસમાં વેપારી યુવાનનું નામ નહીં ખોલવા માટે પૈસા માંગ્યા હતા. જેની પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં આરોપી અગાઉ પણ આ પ્રકારના ગુન્હા કરી ચૂક્યો હોવાનું બહાર આવ્યું છે.આ કસની વિગત એવી છેકે જામનગરમાં નવીવાસ વિસ્તારમાં રહેતા અને કટલેરીના વેપાર સાથે સંકળાયેલા મોહમ્મદ રિયાન ઈમ્તિયાઝભાઈ શેખ સાથે નકલી પોલીસ કર્મીએ રૂપિયા પડાવી લીધાની ફરિયાદ નોંધાઈ હતી.જામનગર એસ.ઓ.જી. અધિકારીના રાઈટર તરીકેની ખોટી ઓળખ આપી પોતાની પાસેથી કટકે કટકે ૧,૫૭. લાખની રોકડ રકમ પડાવી લેવા અંગે મોબાઈલ નંબર ૯૮૭૫૨૧૮૭૮૭ સામે ફરિયાદ નોંધાવ્યા બાદ પોલીસે તપાસ આરંભી હતી.યુવાન મોહમ્મદભાઈ શેખના મામા કે જેઓ છેલ્લા ૧૦ માસથી ડ્રગ્સ અંગેના કેસમાં જામનગરની જિલ્લા જેલમાં છે. જેને જેલમાં જઈને મદદ કરવા અંગે તેમ જ પોતાના મામા સાથે આ કેસમાં સંડોવાયેલા છે, અને તેમાં તેનું નામ કઢાવી નાખવા અંગે અજાણ્યા શખ્સ દ્વારા ફરિયાદી પાસે પૈસાની માંગણી કરાઈ હતી.જે અનુસંધાને દરબારગઢ પોલીસ



ચોકીના પી.એસ.આઇ. ડી.જી. રામાનુજ તેમજ રાઈટર ભવ્યદીપસિંહ પરમાર વગેરે ઊંડાણપૂર્વકની તપાસ કર્યા બાદ આરોપી નકલી પોલીસને શોધી કાઢ્યો હતો. જે આરોપી સલાયા નો રહેવાસી હોવાનું અને તેનું નામ સબીર હુસેન હારુન ભગાડ હોવાનું ધ્યાનમાં આવ્યો હતું.જે આરોપી હાલ જેલમાં હોવાથી પોલીસે તેનો જેલમાંથી ટ્રાન્સફર વોરંટથી કબજો સંભાળ્યો હતો, અને તેને રિમાન્ડ પર લેવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.પોલીસની પ્રાથમિક તપાસ દરમિયાન પોતે નકલી પોલીસ બનીને આવા અગાઉ પાંચેક ગુના ને અંજામ આપ્યો હોવાનું જાણવા મળ્યું છે. તેની સામે જામનગરના સીટી એ, અને સીટી સી. ડિવિઝન પોલીસ મથકમાં અગાઉ બે ગુના નોંધાઈ ચૂક્યા છે, જ્યારે કલ્યાણપુર, ખંભાળિયા અને ભાણવડમાં પણ આવા અન્ય ત્રણ ગુના નકલી પોલીસ તરીકે ના નોંધાઈ ચૂક્યા છે. પોલીસે થોડા દિવસો પહેલા અટકાયત કર્યા બાદ તેને જેલ હવાલે કરાયો હતો.જેથી તેનો જેલમાંથી કબજો મેળવી લઈ આગળની તપાસ ચલાવવામાં આવી રહી છે. આરોપીના મોબાઈલ નંબર ના આધારે પોલીસે તેની ઓળખ કરી લીધી હતી.

# મોરબીમાં પાકિસ્તાન વિરુદ્ધ રોષની લાગણી, મૌન રેલી સાથે અનેક વિરોધ પ્રદર્શન કાર્યક્રમ

## પાકિસ્તાની ધ્વજના ચિત્ર પર ચાલીને લોકોનો વિરોધ, પૂતળાદહન અને અડધો દિવસ દુકાનો બંધ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી શહેરમાં પાકિસ્તાન વિરુદ્ધ ભારે રોષ ફાટી નીકળ્યો છે. શહેરીજનો અને વિવિધ સંગઠનો દ્વારા જાહેર સ્થળોએ પાકિસ્તાની ધ્વજના ચિત્ર બનાવી, તેના પર ચાલીને અને વાહનો ચલાવી પોતાનો ગુસ્સો વ્યક્ત કરવામાં આવશે, આ ચિત્રો શહેરના નવા બસસ્ટેન્ડ, નહેરુગેટ ચોક અને વીસીપરાના નાકા જેવી ત્રણ મુખ્ય જગ્યાએ બનાવાયા છે, જેના ઉપરથી મૌન રેલી પણ પસાર થશે.

કાશ્મીરના પહેલગામમાં આતંકવાદીઓ દ્વારા હિન્દૂ પર્યટકોને તેમના ધર્મ પૂછીને કરવામાં આવેલી હત્યાની ઘટના સામે લોકોમાં ગુસ્સાની લાગણી ઉભી થઈ છે. જેના વિરોધમાં અનેકો સ્થળોએ વિરોધ-પ્રદર્શન



કાર્યક્રમના ભાગરૂપે મોરબી શહેરમાં મૌન રેલી યોજાશે જેમાં નહેરુગેટથી શરૂ થતા પ્રદર્શનમાં લોકો પાકિસ્તાની ધ્વજના ચિત્ર પરથી ચાલીને પસાર થશે. રેલીના અંતે નહેરુગેટ ચોક ખાતે પાકિસ્તાનનો પૂતળાદહન કરવામાં આવશે. ત્યારે આ મૌન રેલીને મોરબીના વિવિધ વ્યાવસાયિક સંગઠનો, એસોસિયેશનો, તબીબો, વેપારીઓનું વિશાળ સમર્થન મળ્યું છે. તબીબો કાળી પટ્ટી બાંધીને પોતાની ફરજ બજાવશે જયારે વેપારીઓએ પોતાની દુકાનો અડધા દિવસ માટે બંધ રાખવાનો નિર્ણય કર્યો છે.

# ચોરી કે છળકપટથી મેળવેલ મોટર સાયકલ સાથે એક શખ્સને પકડી પાડતી ક્રાઈમ બ્રાંચ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી એલસીબી અને પેરોલ ફર્લો ટીમે સરતાનપર રોડ પરથી એક શખ્સને ચોરી કે છળકપટથી મેળવેલ હિરો એક્સટ્રીમ મોટર સાઈકલ કિ.રૂ.૫૦ હજાર સાથે ઝડપી પાડ્યો હતો. પકડાયેલ ઈસમ રાજસ્થાનનો વતની અને હાલ રીય સિરામિક ખાતે મજૂરી કામ કરતો હતો. મોરબી ક્રાઈમ બ્રાંચ ટીમને ટેકનિકલ તથા ખાનગીસૂત્રો અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે ચોક્કસ બાતમી મળી હતી કે એક ઈસમ કાલા દિવાનભાઈ ગુજર ઉ૧. ૨૩) રીય સિરામિક ખાતે મજૂરી કરતો હોય જે સરતાનપર રોડ ઉપર એક હિરો એક્સટ્રીમ બાઈક લઈને વાંકાનેર હાઈવે તરફ જતો હોય, જે બાઈક ઉપર નંબર પ્લેટ ન હોય અને આ મોટર સાઈકલ ચોરી કે છળકપટથી મેળવેલ હોય, જેથી ક્રાઈમ બ્રાંચ તથા પેરોલ ફર્લો સ્કવોડ ટીમે તુરંત સ્થળ ઉપર વોચ ગોઠવી શંકાસ્પદ ઈસમને અટકાવી પુછપરછ કરતા તેની પાસે મોટરસાયકલના



કોઈપણ કાયદેસર દસ્તાવેજો ન હોય, ત્યારે ઈ-ગુજકોપ એપમાં સર્ચ કરતા મોટર સાઈકલના સાચા નંબર આરજે-૧૨-એસઝેડ-૨૭૨૫ આ મોટર સાયકલ ભારતીય નાગરીક સુરક્ષા સહિતાની કલમ-૧૦૬(૧) મુજબ કબજે કરી આરોપી કાલા દિવાનભાઈ ગુજર ઉ૧.૨૩ રહે.હાલ રીય કારખાનામાં મૂળ રહે. કારેનકાપરા જી. કારોલી રાજસ્થાન વાળાને ભારતીય નાગરીક સુરક્ષા સહિતાની કલમ-૩૫(૧)(ઈ) મુજબ હસ્તગત કરી આગળની કાર્યવાહી સબબ વાંકાનેર તાલુકા પોલીસ મથક ખાતે સોપી આપેલ છે.

# જસદણનાં સ્મશાન નજીક ભાદર નદીમાંથી અજાણ્યા વ્યકિતનો મૃતદેહ મળ્યો

## કોહવાયેલ હાલતમાં લાશ મળતા ઓળખ મેળવવા તજવીજ

**મુખ્ય સમાચાર,જસદણ**

જસદણના સ્મશાન રોડ નજીક ભાદર નદીના કાંઠે એક અજાણ્યા વ્યક્તિનો કોહવાયેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. આ ઘટનાની માહિતી મળતાં જ જસદણ પોલીસ સ્ટેશનના પીઆઈ ટી.બી. જાની ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને સ્થળનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું.

પોલીસ સૂત્રો અનુસાર, મૃતકની ઓળખ હજુ સુધી થઈ નથી. પ્રાથમિક તપાસમાં આ મૃત્યુ હત્યા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. જોકે આકસ્મિક મૃત્યુની શક્યતાને પણ નકારવામાં આવી નથી. પોલીસે આ બનાવની તપાસ શરૂ કરી છે અને આસપાસના વિસ્તારોમાં પૂછપરછ હાથ ધરી છે.



મૃતદેહને જસદણ નગરપાલિકાના ટ્રેક્ટર દ્વારા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જસદણ સરકારી હોસ્પિટલમાં પ્રાથમિક તપાસ બાદ મૃતદેહને ફોરેન્સિક તપાસ માટે રાજકોટ મોકલવાની તૈયારી કરવામાં આવી હતી. ફોરેન્સિક રિપોર્ટથી મૃત્યુનું ચોક્કસ કારણ અને મૃતકની ઓળખ મેળવવામાં મદદ મળે તેવી આશા છે.

જસદણ પોલીસ દ્વારા આ ઘટનાને ગંભીરતાથી લઈને તમામ પાસાંઓની તપાસ કરવામાં આવી હતી. આ ઘટનાએ સ્થાનિક લોકોમાં ચર્ચા અને ચિંતા ફેલાવી છે.

# રાજ્યમાં સંગઠન સુજન અભિયાન અંતર્ગત કોંગ્રેસના નિરીક્ષકોની પત્રકાર પરિષદ યોજાઈ

## રાજ્યભરમાં નવનિયુક્ત કોંગ્રેસ પ્રમુખો માટે સેન્સ પ્રક્રિયા હાથ ધરાઈ



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર રાજકોટ**

આદરણીય રાહુલ ગાંધીની સૂચનાનુસાર સમગ્ર રાજ્યમાં પસંગઠન સૃજન અભિયાનથના કાર્યકમો ચાલી રહ્યા છે. જેમાં રાજકોટ શહેરમા પત્રકાર પરિષદ યોજવામાં આવી હતી જેમાં રાજકોટ શહેર માં એઆઈસીસીના સેક્રેટરી અને રાજકોટ શહેરના સંગઠન સૃજન અભિયાનના એઆઈસીસીના નિરીક્ષક શ્રી ડો. શ્રીરીવેલા પ્રસાદ દ્વારા પત્રકાર પરિષદને સંબોધન કરવામાં આવેલ હતું જેમાં સૌ પ્રથમ ઉપસ્થિત તમામ પત્રકાર મિત્રોનો અતુલભાઈ રાજાણીએ આવકાર્ય બાદ આતંકવાદમાં મર્યા ગયેલા માટે શ્રદ્ધાંજલિ વ્યકત કરી મિટિંગની શરૂઆત કરતાં એઆઈસીસી ના નિરીક્ષકે જણાવ્યું હતું કે ગુજરાતમાં નવું સંગઠન માળખા અંતર્ગત બે દિવસ સુધી શહેરના તમામ કોંગ્રેસના આગેવાનો અને કોર્પોરેટરો, પૂર્વ કોર્પોરેટરો તમામના મંતવ્યો લેવામાં આવશે અને મારી સાથે પ્રદેશ કોંગ્રેસ સમિતિના નિરીક્ષકો છે તેમની સાથે મંત્રણા કરીને એ એઆઈસીસીમાં રિપોર્ટ કરવામાં આવશે. આ દેશભરમાં જિલ્લા કમિટી, જિલ્લા પ્રમુખો માટે સેન્સ પ્રક્રિયા કરવામાં આવી છે. એમાં સૌપ્રથમ ગુજરાત રાજ્યમાં તેનું અમલીકરણ કરવામાં આવેલ છે જેના ભાગરૂપે આજ રોજ રાજકોટ શહેર તમામ કાર્યકર્તાઓને વન ટુ વન સાંભળવામાં આવશે અને જે પ્રમુખ માટેના દાવેદરો છે તે અંગે ટૂંક સમયમાં નિર્ણય લેવામાં આવશે. દેશભરમાં કોંગ્રેસ પાર્ટી દ્વારા સંવિધાન બચાવો આંદોલન પણ ચાલી રહ્યું છે જે લોકો કામ કરવાવાળા હશે તેવા કોંગ્રેસ આગેવાનને અગ્રતા આપવામાં આવશે. કોઈપણ ગ્રુપ વગર જે લાયક હશે તેને જ જિલ્લા અને શહેર પ્રમુખની જવાબદારી સોંપવામાં આવશે.

ઋત્વિકભાઈ મકવાણા :- રાજ્યમાં કોંગ્રેસના નવા સંગઠનની શરૂઆત એઆઈસી ના નિરીક્ષક સાથે રાજકોટ શહેર અંગે પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા નિયુક્તિ કરવામાં આવી છે. સંગઠનમાં યુવાનો, મહિલા, એસટી, એસટી, ઓબીસી ને પૂરતું પ્રત્યુતર મળે સંગઠન સૃજન અભિયાનમાં કોઈને અન્યાય ન થાય અને દરેકને મહત્વ મળી રહે તે પ્રકારે આગામી દિવસોમાં એઆઈસીસી સુચનાનુસાર માળખું જાહેર કરવામાં આવશે. ઘરમાં સામાન્ય લોકો પાસેથી પણ અભિપ્રાય લેવામાં આવશે. રાજકારણમાં જૂથવાદ સામાન્ય છે. છતાં ઉપર હોવા છતાં ભાજપ માં ભયંકર જૂથવાદ છે. જૂથવાદના પગલે ભારતીય જનતા પક્ષમાં રાષ્ટ્રીય લેવલે અને રાજ્ય લેવલે પ્રમુખ પદને નિમણૂક ટલ્લે ચડી છે. કાર્યકર્તાઓ હોય તેને એના લાયકાત મુજબ નવા નેતૃત્વમાં સ્થાન મળશે સ્થાનિક પ્રમાણે સ્થાન અપાશે કોંગ્રેસ એક મજબૂત સંગઠન બનાવી આગામી દિવસોમાં ભાજપને ભરી પીવા સજ્જ થઈ જશે. જે કાર્યકર્તાઓ સ્થાનિક લેવલે સામાજિક સેવાકીય અને લોકપ્રશ્ને લડત ચલાવતા હશે તેવા કાર્યકર્તાઓનું રિપોર્ટિંગ થશે અને યથા યોગ્ય સ્થાન મળશે. પત્રકાર પરિષદમાં ઉપસ્થિત સૌ પત્રકાર મિત્રોનો રાજકોટ વિધાનસભાના વિરોધ પક્ષના નેતા વશરામભાઈ આભાર વ્યક્ત કર્યો હતો. પત્રકાર પરિષદમાં એઆઈસીસીના નિરીક્ષક ડો. શ્રીરીવેલા પ્રસાદ, ગુજરાત કોંગ્રેસ કોંગ્રેસ સમિતિ દ્વારા કરેલા નિરીક્ષકો માં પૂર્વ ધારાસભ્ય ઋત્વિકભાઈ મકવાણા, ભાવનગર મહાનગરપાલિકા ના વિરોધ પક્ષના પૂર્વ નેતા જયદીપસિંહ ગોહિલ, જામનગર શહેરના એડવોકેટ એમ કે બ્લોચ, ઝાકીરભાઈ ચૌહાણ, શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી, વશરામભાઈ સાગઠીયા, રાજદીપસિંહ જાડેજા ઉપસ્થિત રહ્યા હતા.

# પહેલગાંવમાં આતંકી હુમલામાં મૃત્યુ પામેલા લોકોને શિવસેના દ્વારા શ્રદ્ધાંજલિ અપાય




(તસ્વીરઃ આનંદ જાવિયા)

પહેલગાવ ખાતે આંતકી હુમલા મા મૃત્યુ પામેલા દિવંગતો ને શિવસેના રાજકોટ દ્વારા ત્રિકોણબાગ ખાતે કેન્ડલ પ્રગટાવી, મૌન પાળી ને સતગતો ની આત્મા ને શાંતિ મળે તેવી પ્રાર્થના કરી શ્રદ્ધાંજલી આપી હતી આજે ત્રિકોણ બાગ ખાતે શિવસેનાના જીમી અડવાણી તથા અન્ય કાર્યકર્તાઓ દ્વારા મૃત્યુ પામેલા દિવંગગતોને શ્રદ્ધાંજલિ આપી બે મિનિટનો મૌન ધારણ કરવામાં આવ્યું હતું.

# શારદા હોસ્પિટલમાં ૧૧ માસની બાળકીનું તબીબની બેદરકારીથી મોત થયાનો આક્ષેપ

## તાવની બિમારીનો ઈલાજ કરવા જતાં ગળામાં ગાંઠ હોવાનું કહી ઓપરેશન કર્યુ, બાજી બગડતા સૌરાષ્ટ્ર ચિલ્ડ્રનમાં ધકેલી દેતાં ત્યાં મોતને ભેટી : ફોરનિ્સક PM કરાવાયું

**મુખ્ય સમાચાર રાજકોટ**

નાનામૌવા રોડ પર રાજનગર ચોકમાં આવેલી મા શારદા હોસ્પિટલમાં ૧૧ માસની દિકરીને લઈ તાવની બિમારી સાથે પિતા ડોક્ટર પાસે પહોંચ્યા હતા તપાસ દરમિયાન ડોક્ટરે ગળામાં ગાંઠ હોવાનું કહી ઓપરેશન કરવું પડશે તેમ કહેતા પિતાએ મંજુરી આપી હતી તે પૈટેની રકમ તેણે ભરી દીધી હતી. ત્યાર બાદ તેની પુત્રીનું ઓપરેશન કરી નખાયું હતું તેમાં કોઈ ખામી રહી જતાં પરિવારને જાણ કર્યા વગર ડોક્ટરે ૧૧ માસની બાળકીને સૌરાષ્ટ્ર ચિલ્ડ્રન હોસ્પિટલમાં ધકેલી દીધી હતી. જ્યાં આ દિકરીએ દમ તોડી દેતા પરિવારમાં ભારે કલ્પાંત સર્જાયો હતો. આ સમયે પિતા દ્વારા મા શારદા હોસ્પિટલના ડોક્ટર જિતેન્દ્ર ગાધેની બેદરકારીના આક્ષેપો કરવામાં આવ્યા છે. સાથે હોસ્પિટલ માથે લેતા ડોક્ટરે પોલીસ બોલાવી હતી. જેની તમામ વિગતો વર્ણવ્યા બાદ બાળકીના મૃતદેહને સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફોરેન્સીક પીએમ કરાયું હતું. પરંતુ પિતાએ જ્યાં સુધી ન્યાય નહીં મળે ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર કરી દીધો છે.

આ અંગેની જાણવા મળતી વિગત મુજબ રવાણી ખિજડિયા ગામના રહેવાસી જનકસિંહ હકુભા જાડેજાની ૧૧ માસની પુત્રી મિતાંશીબા જાડેજાને ત્રણ દિવસથી સતત તાવ આવતો હોય પિતા તેને રાજકોટ સારવાર માટે લાવ્યા હતાં અને મા શારદા ચાઈલ્ડ કેર હોસ્પિટલમાં દાખલ કરી હતી. જ્યાના ડોક્ટર જિતેન્દ્ર ગાધે દ્વારા તેની પુત્રીની તપાસ કરવામાં આવતી હતી. ત્યારે ડોક્ટર જિતેન્દ્ર દ્વારા એવુ જણાવવામાં આવ્યું હતું કે, તેની પુત્રીને ગળામાં ગાંઠ છે જેથી તેનું ઓપરેશન કરવું પડશે. તેમ કહી પિતા સાથે વાતચીત નક્કી કરી પુત્રીનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. ૧૧ મહિનાની બાળકી મિતાંશીબા જાડેજાનું સારવાર દરમિયાન મોત થતાં પિતાએ




આક્ષેપ લગાવ્યો છે કે, મારી દીકરી જ્યારે મૃત્યુ પામી ત્યારે ડોક્ટરોએ અમને જાણ ન કરી અને અમારી પાસેથી પૈસા ખંખેરી લીધા પછી જ્યારે એમને થયું હવે આમની પાસે પૈસા નથી એટલે મારી દીકરીને મૃત જાહેર કરી અમને સોંપી દીધી. પિતા સહિત પરિજનોએ હોસ્પિટલ પહોંચી વલોપાત કરતા પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. જ્યાં સુધી તબીબની ધરપકડ નહીં થાય ત્યાં સુધી પરિવાર દ્વારા મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર કરવામાં આવ્યો છે. ડો. જિતેન્દ્ર ગાધેને અનેક ફોન કરવા છતાં તેઓ હોસ્પિટલે આવ્યા ન હતા.

રાજકોટની મા શારદા હોસ્પિટલમાં એક ૧૧ વર્ષીય બાળકીનું મૃત્યુ થતાં પરિવાર પર આભ ફાટી પડ્યું છે. પરિવાર દ્વારા હોસ્પિટલના ડોક્ટર જિતેન્દ્ર ગાધે પર બાળકીના મૃત્યુનો અને પૈસા ખંખેરવાનો આક્ષેપ કરવામાં આવી રહ્યો છે. ત્રણ દિવસ પૂર્વે તાવ આવતો હોવાના કારણે બાળકીને મા શારદા હોસ્પિટલ ખાતે ખસેડવામાં

આવી હતી. જ્યાં મૃત બાળકીના પિતા જનકસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, મારી બાળકીને તાવ હતો. અત્યારસુધીમાં બાળકી માટે હોસ્પિટલ દ્વારા રૂ. ૯૦ હજાર લેવામાં આવ્યા છે. મા શારદા હોસ્પિટલમાંથી સૌરાષ્ટ્ર હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી રહી હતી તે દરમિયાન કોઈપણ જાતની વેન્ટિલેટર કે ઓક્સિજનની સુવિધા ન હોવાના કારણે બાળકીએ પોતાનો જીવ ગુમાવવાનો વારો આવ્યો છે. મારી દીકરી મૃત્યુ પામી તેની જાણ પણ અમને ચારથી પાંચ કલાક બાદ કરવામાં આવી હતી.

# રાજકોટ મનપાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં રૂ.૧૧૭ કરોડનાં વિકાસ કામોને મંજુરી

## પહેલગાંવ માં આતંકી હુમલામાં મૃત્યુ પામેલા ૨૮ લોકો અને રાજકોટમાં સીટી બસ ના કારણે મૃત્યુ પામેલા ચાર શહેરીજનો ને શ્રદ્ધાંજલિ આપી બે મિનિટનું મૌન રાખવામાં આવ્યું હતું



(તસ્વીરઃ આનંદ જાવિયા)

## શહેરના ૧૮ વોટ ના સર્વાંગી વિકાસ માટે કુલ ૩૨ દરખાસ્તો મૂકવામાં આવી હતી રૂપિયા ૧૧૭ કરોડ થી વધુ રકમ ના કામો માટે આ સ્ટેન્ડિંગની બેઠક યોજાઈ

રાજકોટ મહાનગરપાલિકા કચેરી ખાતે આજે સ્ટેન્ડિંગ કમિટીની બેઠક યોજાઈ હતી આ બેઠક પૂર્વે મહાનગરપાલિકાના પદાધિકારીઓને અધિકારીઓ દ્વારા બે મિનિટનું મૌન પડી પહેલગાંવ માં આતંકી હુમલામાં મૃત્યુ પામેલા લોકો અને રાજકોટ સીટી બસ ના કારણે ચાર શહેરીજનો ના મૃત્યુ થયા હોય તેઓને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી સ્ટેન્ડિંગ કમિટી ની બેઠક અંગે વિગત આપતા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર એ જણાવ્યું હતું કે આ સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં રાજકોટ શહેરના તમામ ૧૮ વોર્ડ માટે કુલ ૩૨ દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી આ તમામ વોર્ડ માં વિકાસના કાર્યો માટે ૧૧૭ કરોડથી વધુની રકમના કામો અંગે બેઠક યોજાઈ હતી.

# જન્મુના પહેલગામમાં ૨૬નો ભોગ લેનાર આંતકી ઘટનાને પગલે ગુજરાત પોલીસ એકશન મોડમાં

## સોમનાથ તથા દ્વારકા જગત મંદિરની સુરક્ષામાં વધારો કરાયોઃ ટાપુઓમાં ડ્રોનથી બાજનજર

મુખ્ય સમાચાર રાજકોટ

જમ્મુ કાશમીરના પહેલગાઉની બૈસરન ખીણમાં આંતકવાદીઓ દ્વારા ક્રૂરતાપૂર્વકના નરસંહારમાં ૨૬ પ્રવાસીઓની હત્યા પગલે ગુજરાતને હાઈ એલર્ટ મુકી દેવાયું છે. ખાસ કરી જયાં દેશભરમાંથી દર્શનાર્થીઓ અને પ્રવાસીઓ વધુ આવતા હોય તેવા સ્થળે વિશેષ કાળજી પોલીસ કમિશનર, રેન્જ આઈજી, અને જીલ્લા પોલીસ વડાઓ દ્વારા લેવામાં આવી છે.ત્યારે રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવે આંતકી હુમલાને લઈ એક નિવેદન આપી જણાવ્યું હતું કે હુમલના પગલે દ્વારકા જગત મંદિરની સુરક્ષામાં વધારો કરવામાં આવ્યો છે.તેમજ મંદિરની સુરક્ષાનો રિવ્યૂ પણ કરવામાં આવ્યો હતો.તથા દરિયાઈ સુરક્ષાઓમાં પણ વધારો કરવામાં આવ્યો છે. કારણે ઓખા અને



દ્વારકાથી દુશ્મન દેશ નજીક હોવાથી તે સંવેદનશીલ વિસ્તાર છે. જેથી પોલીસ પેટ્રોલીંગ વધારવામાં આવ્યું છે. દરિયાઈ વિસ્તારમાં જયાં ટાપુઓ આવેલા છે.

ત્યાં ડ્રોન મારફતે નજર રાખવામાં આવી રહી છે.હુમલાને પગલે એલસીબી, એસઓજી સહિતની ટીમો કામે લાગી છે. હાલ દ્વારકા એસપી નિતેશ પાંડે, જામનગર એસપી પ્રેમસુખ ડેલું, મોરબી એસપી સહિતના જીલ્લા પોલીસ વડાઓ દ્વારકા, બેટ દ્વારકા, સુદર્શન બિજ સહિતના સ્થળોએ પેટ્રોલીંગ તથા ચેકિંગ પુરજોશમાં હાથ ધર્યુ છે. તેમજ સોમનાથ મંદિરની સુરક્ષાને લઈ જીલ્લા પોલીસ વડા મનહોરસિંહ જાડેજાએ પોલીસ સ્ટાફને એલર્ટના આદેશ આપી દરિયાઈ માર્ગ પર ચેકિંગ તથા પેટ્રોલીંગ હાથ ધર્યુ છે.

# રાજકોટ બાર એસો સીએશનના હોલ ખાતે વકીલોએ પહેલગામના આતંકવાદી હુમલાના દિવંગતોને અર્પી શ્રદ્ધાંજલી



જમ્મુ કશ્મીરના પહેલગામ મુકામે આતંકવાદીઓ દ્વારા ફાયરિંગ હુમલામાં ૨૭ નિર્દોષ પ્રવાસીઓ મૃત્યુ પામ્યાની અત્યંત ભયંકર કરુણિકામાં દિવંગત આત્માઓની – શાંતિ માટે રાજકોટ બાર એસોસિએશન દ્વારા શાંતિ પ્રાર્થના કરવામાં આવી હતી. રાજકોટ બાર એસો સીએશનના હોલ ખાતે મળેલી પ્રાર્થના સભામાં મોટી સંખ્યામાં ઉપસ્થિત સિનિયર અને જુનિયર વકીલો દ્વારા આ દુઃખદ બનાવને રાજકોટ બાર એશોસીએશન દ્વારા દુઃખ વ્યક્ત કરી સખ્ત શબ્દોમા વખોડવામાં આવ્યો હતો અને સરકાર દ્વારા આતંકવાદીઓ સામે સખતમાં સખત પગલા લેવામાં આવે તે બાબતે ઉદબોધન કરવામાં આવેલ. આ શ્રધ્ધાંજલિ અને પ્રાર્થનાસભામા રાજકોટ બાર એશો.ના પમુખ પરેશભાઈ મારૂ, ઉપ પ્રમુખ સુમીતભાઈ વોરા,રસેક્રેટરી સંદીપભાઈ વેકરીયા, જોઈન્ટ સેક્રેટરી જીતુભાઈ પારેખ, ટ્રેઝરર પંકજભાઈ દોંગા, લાયબ્રેરી સેક્રેટરી કેતનભાઈ મંડ, કારોબારી મેમ્બર પ્રગતીબેન માકડીયા, તુષારભાઈ દવે, સંજયભાઈ ડાંગર, અશ્વીન રામાણી, કિશન રાજાણી, નીકુંજ શુકલ, પરેશ પાદરીયા, મુનીશભાઈ સોનપાલ, હિરેનભાઈ ડોબરીયા, રક્ષાબેન ઉપાધ્યાય, જિલ્લા સરકારી વકીલ સંજયભાઈ વોરા, બાર કાઉન્સિલ ઓફ ઈન્ડીયાના સભ્ય દિલિપભાઈ કે. પટેલ, સિનિયર વકીલ લલીતસિંહ જે. શાહી, મનીષભાઈ ખખ્ખર, મુકેશભાઈ દેસાઈ, પી.સી.વ્યાસ, અર્જુનભાઈ પટેલ, રૂપરાજસિંહ પરમાર, તુષારભાઈ ગોકાણી, ધીમંતભાઈ જોષી, હિતેન્દ્રસિંહ જાડેજા, મુકેશભાઈ પંડ્યા, જીતેન્દ્રભાઈ ગોસ્વામી, સ્મીતાબેન અત્રી સહિતના સિનિયર–જુનિયર વકીલો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# ઉનામાં હિન્દુ સંગઠને આતંકવાદી હુમલાને વખોડ્યો પર્યટકોની સુરક્ષા વ્યવસ્થા મજબૂત બનાવવા આવેદનપત્ર

**મુખ્ય સમાચાર,અબ્દુલ પઠાણ ઉના**

સમગ્ર વિશ્વમાં ખળભળાટ મચાવનાર જમ્મુ કાશ્મીરમાં આતંકવાદી દ્વારા નિર્દોષ પર્યટકોને તેની ધાર્મિક ઓળખ પુછી આડેધડ ગોળીબાર કરીને મોતને આધ ઉતારી દેનારી આતંકવાદ ની બનેલી ગંભીર હુમલા ની ઘટના સમગ્ર વિશ્વને હચમચાવી મુકી છે.

આ ઘટના થી સમગ્ર દેશમાં આતંકવાદી સામે આક્રોશ ફાટી નીકળ્યો છે અને જમ્મુ કાશ્મીરમાં જતાં દેશ વિદેશનાં પર્યટકોની સુરક્ષા વ્યવસ્થા મજબૂત બનાવવા તેમજ આતંકવાદી ઘટનાને અંજામ આપનારાં આતંકવાદી અને તેનાં બેઠેલાં હરાખોર આકા ઓને શોધી કાઢી કડકમાં કડક સજા કરવાની માંગણી સાથે ઉના શહેર માં રાષ્ટ્રીય બજરંગ દળનાં ગીર સોમનાથ જિલ્લા પ્રમુખ શીવસેના તાલુકા



પ્રમુખ તેમજ વિવિધ સંગઠનો દ્વારા ઉના પ્રાંત અધિકારી ને આવેદનપત્ર આપી સમગ્ર ઘટના ને વખોડી કાઢી નિર્દોષ પર્યટકોનાં મોત થયાં છે.

તેમનાં આત્માને શાંતિ ભગવાન આપે તેવી પ્રાથના કરી આ જમ્મુ કશ્મીર બનેલી માનવ હચમચાવી ગયેલી આતંકવાદી હુમલા ને કઠોર સબ્દોમાં વખોડી કાઢી હતી અને ભારત સરકાર દ્વારા સામાજિક ન્યાય કરી મૃતક શહિદ પરીવારને આર્થિક મદદ કરી ભારતદેશ ની આત્મા ને લોહીયાળ કરનારા આતંકવાદી ને શોધી શોધીને તેનીજ ભાષા સજા કરવાં માંગણી કરી છે. આ તકે વિવિધ સંગઠનો નાં કલ્પેશભાઈ ચૌહાણ વિશાલભાઈ, રમેશભાઈ રાઠોડ, નરેશભાઈ મજીઠીયા દિપકભાઈ બાંભણીયા સહિત નાં કાર્યકર ઊપસ્થિત રહ્યા હતા.

**ચકલી નાની ને ફૈડકો મોટો ? પ્રદૂષણ નિયત્રણ અધિકારીનો બફાટ**

# પત્રકારોને કહ્યું, લેખિતમાં અરજી આપો પછી જ કરું કાર્યવાહી

## જેતપુરના ઉધ્યોગપતિને પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અધિકારીની ગજબની ઢાલ, ખુલ્લેઆમ પ્રદૂષણ ફેલાવતા ઉધ્યોગપતિ સામે હવે ગાંધીનગરની ટીમ જ સબક શિખવી શકે

**મુખ્ય સમાચાર,જેતપુર**

જેતપુરના એક ઉદ્યોગપતિ દ્વારા પોતાના કારખાનાનું ભયકર કેમિકલ યુક્ત પ્રદૂષણ સીધું ભાદર નદીમાં છોડાતું હોવાની ચૌકવનારી વિગતો બહાર આવી છે. આ બાબતે સ્થાનિક પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અધિકારીને ફરિયાદ કરનાર પત્રકારો સામે આ અધિકારી લાજવાને બદલે ગાજ્યાં છે અને લેખિતમાં આપો પછી જ કાર્યવાહી કરું તેવી સત્તાનો રોફ બતાવતા સમસ્ત મીડિયા જગતમાં ચકચાર જાગી છે. ડાઈંગ એસોસિયેશનમાં પણ ન સામેલ ઉદ્યોગપતિની દાદાગીરી અને પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અધિકારીની જોહુકમી સામે હવે કાનૂની જંગ છેડવાની પત્રકારોમાં તૈયારીઓ આરંભી દેવાઈ છે અને લડી લેવા નક્કી થયું હોવાનું જાણવા મળ્યું છે.

જેતપુરના રબારીકા રોડ ઉપર





આવેલ જય ખોડીયાર પ્રોસેસ પ્રોસેસનુ પાણી કલર કેમિકલ યુક્ત સીધુ પાછળથી ગટર દ્વારા ખરાબાની જગ્યામાં કાઢી અને સીધું ભાદર નદી સુધી પહોંચાડવામાં આવતું હોવાનું વિડીયો કેમેરામાં કેદ થઈ ગયું છે.

જય ખોડીયાર પ્રોસેસ કોઈપણ જેતપુર ડાઈંગ એન્ડ પ્રિન્ટિંગ એસોસિએશનમાં જોડાયેલ નથી અને આ પ્રોસેસ હાઉસ એટલેકે કારખાના દ્વારા કલર કેમિકલ યુક્ત પ્રદૂષિત પાણી જાહેરમાં છોડવામાં આવે છે અને આવા કારખાનાઓ દ્વારા પાણી છોડી અને પ્રિન્ટિંગ એસોસિયેશનને બદનામ કરવાના કામ કરતા હોવાથી આવા કારખાનાઓને તાત્કાલિક ક્લોઝર આપીને સીલ મારવા જોઈએ તેવી પ્રબળ માંગણી ઉઠી છે.

જ્યારે આ જય ખોડીયાર પ્રોસેસ નામના પ્રોસેસ હાઉસમાં પાણી છોડવાથી આજુબાજુની જમીનો બંજર બની જાય છે અને કારખાનાની પાછળના ભાગમાં કલર કેમિકલ યુક્ત પાણી તો છોડવામાં આવે છે સાથે સાથે સ્લજ પણ પાછળના ભાગમાં નાખવામાં આવે છે એનાથી આ પાણી સીધું ભાદર નદી સુધી પહોંચે છે

આ બાબતે જ્યારે ડાઈંગ એન્ડ પ્રિન્ટિંગ એસોસિયેશનને પૂછતા તેના દ્વારા જણાવવામાં આવ્યું કે અમારે આવા પ્રોસેસ સાથે કોઈ લેવા દેવી નથી અને અમારા એસોસિયેશનમાં જોડાયેલ પણ નથી. જો આવું પ્રદૂષિત પાણી બહાર કાઢતા હોય ત્યારે તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવી જોઈએ અને અમે કોઈ બહાર કાઢવાની મંજૂરી આપતા નથી અને આ પ્રોસેસ તો અમારા એસોસિયન સાથે જોડાયેલ પણ નથી તેવી વાત જણાવી હતી.

### કારખાના પાછળથી ફેલાવાતું પ્રદૂષણ

પ્રદૂષણ બાબતે તપાસ કરવામાં આવતા ખોડિયાર પ્રોસેસર્સ દ્વારા તેમના કારખાનાનાપાછળના ભાગમાં ખુલ્લેઆમ ગટર દ્વારા કલર કેમિકલ યુક્ત પ્રદૂષિત પાણી ખુલ્લામાં છોડવામાં આવી રહ્યું છે જે ભાદર નદીમાં પહોંચતુ હોવાનું દેખાય છે. ત્યારે આવા કારખાંનાને તાત્કાલિક બંધ કરાવવું જોઈએ તેવું જાગૃત લોકોનું કહેવું છે.

### GPCPના અધિકારીનો તુમાખીભર્યો જવાબ

જ્યારે પ્રદૂષણ બાબતે સ્થાનિક પત્રકારો જીપીસીપીની ઓફિસે પહોંચ્યા ત્યારે જીપીએસપીના અધિકારી દ્વારા પત્રકાર કોઈપણ પ્રકારનો જવાબ આપવાનો ઈનકાર કરાયો હતો એટલુંજ નહિ એવું કહ્યું હતું કે, મને લેખિતમાં અરજી આપો તો હું તપાસ કરીશ. પરિણામે એવી વાત સાબિત થઈ રહી છે કે ક્યાંક ને ક્યાંક અધિકારીઓની મિલીભગતથી જેતપુરમાં પ્રદૂષણ ફેલાઈ રહ્યું છે આ પ્રદૂષણ પોરબંદર સુધી પહોંચાડવાનો કાવતરા શરૂ કર્યા છે. અત્રે એ નોંધનીય છે કે, જ્યારે જ્યારે કલર કેમિકલ યુક્ત પાણી બહાર છોડવાનો વિરોધ થાય છે ત્યારે મીડિયા પોતાની ફરજ નિભાવવા માટે પહોંચે છે, પરંતુ પોલ્યુશન બોર્ડની ઓફિસે જ્યાં બેઠેલ અધિકારી ચૌહાણ મીડિયાને કહી રહ્યા છે કે જો પોલ્યુશન થતું હોય તો તમે મને અરજી આપો તો હું કાર્યવાહી કરીશ !! પરિણામે એવો મતલબ થાય છે કે આ અધિકારીની ક્યાંક ને ક્યાંક મિલીભગત હોવાનું નકારી શકાતું નથી.

### કારખાનેદાર સાથે સાંઠગાંઠના આક્ષેપો

જાણકારો કહે છે કે પોલ્યુશન ફેલાવનાર કારખાનેદાર સાથે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અધિકારી ચૌહાણ અને તેના પરિવારજનોની મિલકતની માહિતી જો તપાસ કરવામાં આવે તો ખબર પડે કે આ કેટલો ભ્રષ્ટ અધિકારી હશે ! જે અધિકારીને કામગીરી કરવી હોય તેના બદલે પોતે પ્રદુષણ માફિયાઓની ગુલામી કરી રહ્યો હોવાના આક્ષેપો થયા છે.

### ખોડિયાર પ્રોસેસને ક્યારે અપાશે ક્લોઝર નોટિસ ?

પ્રદૂષણ નિયંત્રણ કરવાને બદલે કારખાનેદારોને પોતાના ખિસ્સામાં લઈને ફરતા પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અધિકારી ચૌહાણ મહિને લાખોની આવક મેળવતા હોવાના જાણકારોમાં આક્ષેપો થઈ રહ્યા છે. હવે શું આ અધિકારી જેતપુર રબારીકા રોડ ઉપર આવેલ જય ખોડિયાર પ્રોસેસ નામના કારખાનામાં તપાસ કરી અને કાયદેસરની કાર્યવાહી કરી અને એને ક્લોઝર આપશે કેમ તે એક મોટો સવાલ છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# પ્રજાના પૈસે નેતાઓ આકાશમાં ફરે છે, જનતાની જાનનું કંઈ નહીં...: મૃતકની પત્નીએ પાટીલ પાસે જવાબ માગ્યો

## મૃતક શૈલેષની પત્નીએ કેન્દ્રીય મંત્રી સામે સરકારની વ્યવસ્થાને લઈ ટેક્સ પે કરનાર સામાન્ય જનતાની કપરી પરિસ્થિતિ વર્ણવી

**મુખ્ય સમાચાર સુરત**

કાશ્મીરના પહેલ ગામમાં આતંકવાદીઓએ ગોળિયો વરસાવી ૨૭ માનવ જીંદગી હોમી લીધી હતી. જે ઘટનાના સમગ્ર ભારતાં ઘેરા પડઘા પડયા છે. ગુજરાતના ત્રણેય મૃતકોના પાર્થીવદેહ વિમાન મારફત ગુજરાત લવાયા હતાં. સુરતના યુવક શૈલેષ કળથિયાનો મૃતદેહ પણ સુરત લવાયો હતો. સવારે તેમની અંતિમ યાત્રા યોજાઈ હતી. તે સમયે અનેક રાજકીય નેતાઓ અને કેન્દ્રીય મંત્રી પાટીલ પણ ઉપસ્થિત રહ્યા હતાં. ત્યારે મૃતક શૈલેષની પત્નીએ કેન્દ્રીયમંત્રીને પરખાવી દીધું હતું. અને આક્રોશ સાથે તેમની વેદના ઠાલવી હતી અને કહ્યું હતું કે, સરકારની વીઆઈપી વ્યવસ્થાથી લઈને ટેક્સ પે કરનાર સામાન્ય જનતાની જીંદગીનું કંઈ મુલ્ય નથી. તે આ ઘટના પરથી સ્પષ્ટ થાય છે. ત્રણ મીનીટ સુધી વરસાવેલા શબ્દો પાટીલે નીચુ મો કરી સાંભળ્યા હતાં.

મૃતક શૈલેષ કળથિયાની પત્ની શિતલબેને પોતાની વ્યથા ઠાલવતા પાટીલને કહ્યું કે, ત્યાં કોઈ સુવિધા નહિ, કોઈ આર્મી નહિ, કો કોઈ પોલીસ નહિ. જ્યારે મોટા-મોટા નેતા આવે કે ટઈંડ આવે ત્યારે પાછળ કેટલી ગાડીઓ, ઉપર હેલિકોપ્ટર કોનાથી ચાલે છે? ટેક્સ પે કરે છે તેના પરથી જ ચાલે છે ને? ટઈંડ માટે જે સર્વિસ છે એ આ લોકો માટે કેમ નથી? હું નીચે આર્મી કેમ્પમાં બુમો પાડી-પાડીને કહેતી હતી કે, ઉપર કેટલા લોકો ઈજાગ્રસ્ત છે, તમે લોકો જલ્દી જાઓ અને કંઈક કરો. અમે ઉપરથી પડતા-આખડતા નીચે ઉતર્યા તો પણ ઉપર કોઈ ફેસેલિટી નહોતી પહોંચી. ઉપર આટલું બધુ થઈ ગયુ હતું અને નીચે આર્મીને કેમ ખબર ન પડી કે આવું થઈ ગયું છે?આંતક્વાદીઓ અમારી સામે આવીને ગોળી મારી જાય છે. હિન્દુ-મુસ્લીમોને અલગ કરીને હિન્દુઓના બધા ભાઈઓને ગોળી મારે છે તો આપણી આર્મી કરે છે શું? લાખોની સંખ્યમાં આર્મી હતી ત્યાં અને જ્યા ટુરિસ્ટ પ્લેસ છે ત્યાં કોઈ આર્મીમેન, પોલીસમેન કે કોઈ ફસ્ટેર્ડ કિટ નહિ. કંઈ જ સુવિધા નહિ. તેમાંથી પણ એક આર્મીમેન કહે છે કે, તમે લોકો ઉપર ફરવા જ શું કામ જાઓ છો? હવે તમે મને એ વાતનો જવાબ આપો કે, આ રીતનું જ હતુ તો તમે અમને જવા જ શું શું કામ ઘો છો? મારા ઘરનો સ્તંભ જતો રહ્યો છે. મને મારો આધાર સ્તંભ પાછો આપો ઍ મારે બીજુ કઈ ના જોઈએ. જો આપણી સરકારને પોતાની જ સુવિધા રાખવી છે તો આજ પછી આ સરકારને કોઈ વોટ જ ન કરતા. તમારી પાછળ કેટવા વીઆઈપી હોય છે, કેટલી ગાડીઓ હોય છે. તમારો જીવ જીવ છે, આ ટેક્સ પે કરે છે તેનો જીવ જીવ નથી?

પોતાના છોકરા સામે હાથ લંબાવી શિતલબેને કહ્યું કે, આ છોકરાઓનું ભવિષ્ય શું? દીકરાને એન્જિનિયર બનાવવો છે, દીકરીને ડોક્ટર બનાવવી છે.

હું કઈ રીતે બનાવીશ. મારે ન્યાય જોઈએ, મારા છોકરાઓનું ભવિષ્ય ખરાબ ન થવું જોઈએ. મારા પતિની આટલા વર્ષની સર્વિસમાં તમે ટેક્સ કાપીને પગાર આપ્યો છે ને? અને ઉપર જતાં અમે કોઈ વસ્તુ ખરીદીએ, ક્યાય જઈએ તો ફરીથી ટેક્સ. ટોલ ટેક્સ બધા ટેક્સ અમારી પાસેથી લ્યો છો તો મારા ઘરવાળાને જ્યારે જરૂર હતી તો કોઈ સુવિધા નથી મળી તેનો મને ન્યાય જોઈએ. વધુમાં પાટીલને કહ્યું કે, તમે તો અહીં જ (સુરતમાં) રહો છો તો કહો મારા પતિ માટે શું કરશો? આ એક નહિ આના જેવા જેટલા નિર્દોષ ભાઈઓ હતાં તે બધાને નાના-નાના છોકરાઓ છે. પાટીલે સરકાર મદદ કરશે તેવું કહેતા શૈલેષ કળથિયાના પત્નીએ કહ્યું કે, સરકાર ખાલી કહે છે કે, અમે કરીશું. અમે કરીશું... પણ આ બધુ બની ગયું પણ કઈ થયું નહિ. આ બધાને હોસ્પિટલમાં ફેસેલિટી મળી કે નહિ તેની પણ ખબર



નથી. બીજે દિવસે આટલુ બધુ કફર્યું હતું, રોડ બંધ હતો, રોડ ઉપર જ્યાં જુઓ ત્યાં આર્મીના ૧૦૦-૨૦૦ લોકોના ઢગલાં હતાં. આ દરમિયાન હાજર નેતાઓએ શિતલબેનને બોલતા અટકાવવાનો પ્રયાસ કરતા તેણે આક્રોશ સાથે કહ્યું કે, નહિ સર તમારે સાંભળવું જ પડશે. જ્યારે બધુ પતી જાય ત્યારે આપણી સરકાર આવી-આવીને ફોટા પાડે છે અને કહે છે કે, આર્મી ઓફિસર અહીંયા હતા. પોલીસ ઓફિસર અહીં હતાં. નેતાઓ પણ આવ્યાં છે. પછી આવ્યાં તેનો શું મતલબ? અને આર્મી ઓફિસર શા માટે બોલી શકે કે, અહીંયા શા માટે ફરવા આવ્યાં? એક આવું બોલ્યો તો ત્યાં હાજર કેમ કોઈ કઈ ન બોલ્યું? મને ન્યાય જોઈએ. મારા એકના છોકરાઓ અને પતિ માટે નહિ. ત્યાં જેટલા લોકોના જીવ ગયા છે તે બધા માટે મારે ન્યાય જોઈએ છે.

# ગીરનાર સોસાયટીમાં કળયુગી પુત્રએ સોનું બેંક કાગળ માંગી માતા પર કર્યો હુમલો

■ હોસ્પિટલ બિછાને રડતી માતાનો વલોપાત આવો પુત્ર નથી જોઈતો

**મુખ્ય સમાચાર રાજકોટ**

મવડી વિસ્તારમાં આવેલી ગીરનાર સોસાયટીમાં રહેતા મહીલાને તેના ૧૫ વર્ષના સગીર પુત્રએ નમને બેંક્ના કાગળ અને સોનું આપી દેથ કહી લોખંડના પાઈપ વડે હુમલો કરી માર મારતા ઘવાયેલા મહીલાને સારવાર માટે સિવિલ હોસ્પીટલમાં ખસેડાયા છે. છેલ્લા ચાર દિવસથી પુત્ર મારકુટ કરતો હોવાનું માતાએ જણાવ્યું હતું. આ અંગેની જાણવા મળતી વિગત મુજબ મવડીમાં માયાણી ચોક પાસે ગીરનાર સોસાયટીમાં રહેતા જાલુબેન સનાભાઈ ગોલતર (ઉ.વ.૩૫) નામના મહીલા સવારે પોતાના ઘરે હતા ત્યારે તેના ૧૫ વર્ષીય સગીર પુત્રએ લોખંડના પાઈપ વડે હુમલો કરી માર મારતા માથાના ભાગે



ગંભીર ઈજા થતા તેમને સારવા માટે સિવિલ હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા છે. પ્રાથમીક તપાસમાં જાલુબેનને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. તેના પતિ બોરવેલનું કામ કરે છે. પતિ કામ માટે રાજસ્થાન ગયા છે. પુત્રએ નમને બેંકના કાગળો અને સોનું આપી દેથ કહી હુમલો કર્યો હતો. વધુમાં તેમણે જણાવેલુ કે પુત્ર છેલ્લા ચાર દિવસથી મારકુટ કરે છે. ગઈકાલે પણ માર મી સોનાનો દાણો લઈ લીધો હતો. ઈજાગ્રસ્ત મહીલાએ હોસ્પીટલના બિછાનેથી રડતા રડતા જણાવેલુ છે મને પુત્ર બહુ ત્રાસ આપે છે. મારે દિકરો જોતો નથી. આ અંગે પોલીસે જરૂરી કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગર રોડ પર સાંઢિયાપુલની ચાલતી કામગીરીથી છાશવારે સર્જાતો ભારે ટ્રાફિકજામ

**મુખ્ય સમાચાર રાજકોટ**

જર્જરીત સાંઢિયાપુલની કામગીરી મહાનગરપાલિકા દ્વારા હાલ કરવામાં આવી રહી છે. આ કામગીરીને લઈ રાજકોટ મહાનગરપાલિકા અને ટ્રાફિક વિભાગ દ્વારા રોડ-રસ્તાઓ ડાયવર્ટ કરવામાં આવ્યા છે. પરંતુ ડાયવર્ટ થયેલા રોડ-રસ્તા પર યોગ્ય ટ્રાફિક કામગીરીની વ્યવસ્થા નહીં કરતા છાસવારે ટ્રાફિકજામની પરિસ્થિતિ સર્જાય છે. જેના કારણે હજારો વાહન ચાલોકને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. અવાર નવાર સર્જાતી ટ્રાફિક સમસ્યાના નિરાકરણ માટે વાહન ચાલકો તેમજ શહેરના બુદ્ધિ જીવીઓ દ્વારા અનેક વખત રજૂઆત કરવા છતાં પણ આ સમસ્યાનું નિરાકરણ નહીં આવતા ટ્રાફિક જામમાં લોકો ફસાઈ રહ્યા છે.

સાંઢિયાપુલની કામગીરી ઝડપી કરવા અને સમય મર્યાદામાં પુર્ણ કરવા પણ અનેક વખત રજૂઆતો થઈ ચુકી છે. આ કામગીરીને લઈ ભોમેશ્વર સહિતના વિસ્તારોમાં ટ્રાફિક ડાયવર્ટ કરવામાં આવ્યો છે. આ વિસ્તારમાં રેલવેનું ફાટક પણ આવેલું હોવાના કારણે ટ્રેનોની અવર જવર થતી હોવાના કારણે ફાટક વારંવાર બંધ કરવામાં આવે છે. જેના કારણે પણ ટ્રાફિક જામ સર્જાઈ રહ્યો છે. સિંગલ રસ્તો હોવાના કારણે લોકોને હેરાન ગતિ ભોગવવી પડે છે. જામનગર રોડ પરના સાંઢીયાપુલ પર લાંબા સમયથી કામગીરી ચાલી રહી છે. અને અવાર-નવાર કામગીરીના કારણે ટ્રાફીક જામના દ્રશ્યો



સર્જાઈ રહ્યાં છે. ત્યારે સવારે પણ કામ-ધંધો પર અને નોકરીએ જવા નિકળેલા લોકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો. વ્હેલી સવારે સાંઢીયાપુલના કામગીરીમાં રહેલ મહાકાય ક્રેન રસ્તા આડે ઉભી રહી જતા લાંબો ટ્રાફિકજામ સર્જાયો હતો. ભોમેશ્વર રોડ તરફથી શહેરમાં પ્રવેશતા લોકો અને ટોઈંગ વાહનો પણ ફસાયા હતો.

# મહીલા તબીબ પર દુષ્કર્મ કેસમાં આરોપીની જામીન અરજી રદ

## મહીલા તબીબને ભાગીદારીમાં કિલનીક ચલાવવા આપી બ્લેક મેઈલ કરતો તો

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરમાં રૈયા રોડ ઉપર ક્લિનિકધરાવતી તબીબ પત્નીનું અવસાન થતા પતિએ અન્ય મહિલા ડોક્ટર ને ૫૦ ટકાની ભાગીદારીમાં ક્લિનિક ચલાવવા આપી બળજબરી પૂર્વક ધાક ધમકી આપી દુષ્કર્મ આચરવાના ગુનામાં સંડોવાયેલા આરોપીની જામીન અરજી અદાલતે ફગાવી દીધી છે. આ કેસની હકીકત મુજબ શહેરમાં રૈયા રોડ ઉપર આવેલ ગિરિરાજનગર પાસે ક્લિનિક ધરાવતી મહિલાનું કોરોનાકાળ દરમિયાન અવસાન થતા ક્લિનિક બંધ થયું હતું જ્યાં ક્લિનિક ફરી ચાલુ કરવા મૃતક તતબબના પતિ સુનિલ હેમતલાલ સૂચકે માસ્ટર ઓફ ડાયગ્નોસીસનો અભ્યાસ કરતી મહિલા તબીબનો સંપર્ક ૫૦ ટકામાં ભાગીદારી કરવાનું કહી ક્લિનિક ફરી શરૂ કર્યું હતું. અને જેનો હિસાબ કિતાબ સુનીલ સૂચક રાખતો હતો સુનિલ સુચકે મહિલા તબિયત પર નજર બગાડી તું મારા સ્વર્ગવાસ થયેલી પત્ની જેવી લાગે છે તેવું કહ્યું હતું પરંતુ મહિલા તબીબે તેની વાતમાં ધ્યાન આપ્યું ન હતું અને બાદમાં ક્લિનિક સંભાળવાનું છોડી દીધું હતું. મહિલા તબીબની અમદાવાદ ખાતે સગાઈ થયાની જાણ થતા સુનીલ સૂચક માસ્ટર ઓફ ડાયગ્નોસ્ટીસની પરીક્ષા આપવા માટે કોલેજે જવા માધાપર ચોકડીએ બસની વાટ જોતી મહિલા તબીબ પાસે કાર લઈને ધસી આવ્યો હતો અને મારી સાથે શરીર સંબંધ નહીં રાખે તો હું તારી સગાઈ તોડાવી નાખીશ અને તારા આપતીજનક વિડીયો વાયરલ કરી દઈશ તેવી ધમકી આપી કારમાં બેસાડી શીતલપાર્ક પાસે પોતાની ઓફિસે લઈ જઈ વિડીયો ઉતાર્યો હતો અને જે વિડીયો વાયરલ કરવાની ધમકી આપી ભાવનગર રોડ ઉપર લઈ જઈ કારમાં દુષ્કર્મ આચરી કાળીપાટ ગામ પાસે ઉતારી દીધી હોવાની મહિલા તબીબે યુનિવર્સિટી પોલીસ મથકમાં સુનિલ સૂચક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી ફરિયાદના આધારે પોલીસે આરોપીની ધરપકડ કરી જેલ હવાલે કર્યો હતો જેલ હવાલે રહેલા આરોપીએ જામીન મુક્ત થવા કરેલી અરજી ચાલવા ઉપર



આવતા બંને પક્ષની રજૂઆત બાદ અધિક સેશન્સ જજ પી.જે. તમાકુવાલાએ આરોપીની જામીન અરજી નામંજૂર કરતો હુકમ કર્યો છે. આ કેસમાં ફરિયાદી વતી રાજન કોટેચા, કૃણાલ કોટેચા, વારીસ જુણેજા, કિરણ ચુડાસમા, ડેનિશા પટેલ, જય વણઝારા અને સરકાર પક્ષે સરકારી વકીલ કમલેશ ડોડીયા રોકાયા હતા.

# જેતપુર નજીકથી એલસીબીએ ટ્રકને પકડયો: રૂપિયા ૧૨ લાખનો મુદ્દામાલ કબજે



## વિદેશી દારૂ ભરેલાં ટ્રક સાથે માણાવદરના બે શખસ ઝડપાયા

જેતપુર નજીક મંડલિકપુર ગામ પાસે હાઈ-વે પર ટ્રકમાં વિદેશી દારૂના જથ્થા સાથે રાજકોટ રૂરલ એલસીબીએ માણાવદરના બે શખસોને ઝડપી પાડી ૧૨,૦૩,૨૬૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. પોરબંદર નેશનલ હાઈ-વે પરથી વિદેશી દારૂ સાથે ટ્રક પસાર થવાનો હોવાની એલસીબીના શક્તિસિંહ જાડેજા તથા અરવિંદસિંહ જાડેજા, કૌશિકભાઈ જોશીને માહિતી મળી હતી જે આધારે પીઆઈ વી.વી. ઓડેદરા, એચ.સી. ગોહિલ સહિતની ટીમે વોચ ગોઠવી હતી. જી.જે.૧૧-વી.વી.૭૦૦૩ નંબરનો ટ્રક નીકળતા આંતરીને તલાશી લેતાં અંદરથી અલગ-અલગ બ્રાન્ડની વિદેશી દારૂની ૧૨,૦૩,૨૬૦ની કિંમતની ૭૬૮ બોટલ મળી આવી હતી. દારૂ હાથ લાગતા ટ્રકના ચાલક, ક્લિનર માણાવદરના રઘુવીરપરા વિસ્તારમાં રહેતા વિપુલ પુંજાભાઈ ભારાઈ તથા માણાવદરના ખાંભલા ગામના મનસુખનાથ શિવનાથ ધરમનાથને ઝડપી લીધા હતા. દારૂમાં માણાવદરમાં બાવાવાડીમાં રહેતા લખન અરજણ ઈધુડાની પણ સંડોવણી હોવાથી તેની ધરપકડ માટે તજવીજ હાથ ધરી હતી.

# રાજકોટ, ગોંડલના શખસ ટ્રકમાં 33 કિલો ગાંજા સાથે ઝડપાયા

## અમદાવાદ નજીક એસએમસીએ લોખંડના પાઈપોની આડમાં ટ્રકમાં ગાંજો લઈ જવાતો હોય બન્ને પકડાયા

**મુખ્ય સમાચાર રાજકોટ**

ઓરિસ્સાથી ટ્રકમાં રાજકોટ તરફ લવાતા ૩૩ કિલોથી વધુના ગાંજાના જથ્થા સાથે એસએમસીએ રાજકોટ શહેર તથા ગોંડલના બે શખસોને ઝડપી પાડ્યા છે. બન્નેએ અન્ય સાગરિત સાથે મળીને ગાંજો વેચવા માટે લઈ આવ્યા હોવાની કેફિયત આપી હતી જે આધારે સ્ટેટ મોનિટરિંગ સેલે ત્રીજા શખસની પર ધરપકડની તજવીજ હાથ ધરી છે.

અમદાવાદ નજીક સનાથલ સર્કલ નવા પુરા રોડ પર જીજે૩-બી.વી.૦૨૯૪ નંબરના ટ્રકમાં લોખંડના પાઈપોની આડમાં છૂપાવાયેલો ગાંજાનો જથ્થો હોવાની માહિતી આધારે પીએસઆઈ કે.ડી. રવૈયા તથા ટીમે ડીવાયએસપી કે.ટી. કામરિયાના માર્ગદર્શન હેઠળ દરોડો પાડયો હતો.

ટ્રકમાં છૂપાવાયેલો ૩,૩૧,૨૫૦ની કિંમતનો ૩૩.૧૨૫ કિલોગ્રામ ગાંજાનો જથ્થો મળી આવતા ટ્રકના ચાલક ગોંડલના વોરા કોટડા રોડ પર હુડકો ક્વાર્ટરમાં રહેતા રિયાઝશા ઉમરશા ફકીર તથા ક્લિનર રાજકોટના રૈયા રોડ પર રહેતા ઝફર ઉર્ફે ભુરો જીકર સોલંકીની ધરપકડ કરી હતી. પૂછતાછમાં ગાંજો છત્તીસગઢ બોર્ડરને

અડીને ઓરિસ્સાની હદમાં ગંજામ જિલ્લાના જંગલ વિસ્તાર



અમનમાંથી લાવ્યા હોવાની કેફિયત આપી હતી. ડ્રાઈવર-ક્લિનર તથા ક્લિરનો ભાઈ મોઈન જીકર સોલંકી ત્રણેય આ જથ્થો વેચવા માટે લાવ્યા હતા. એસએમસી પોલીસ મથકમાં ત્રણેય વિરૂધ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો.

# જેતપુરમાં રદ્દી નોટ ના બદલામાં ડબલ નાણા આપવાની લાલચ આપી છેતરપિંડી કરતી ગેંગ ઝડપાઈ

## જેતપુર પોલીસે ચાર શખ્સોની ધરપકડ કરી રૂપિયા ૮૯,૦૦૦ નો મુદ્દા માલ કબજે કર્યો



જેતપુર શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં લોકોને ૫૦૦ ની ફાટેલી તૂટેલી કે સહી ના ડાઘ વાળી નોટ ના બદલામાં ડબલ નાણા આપવાની લાલચ આપી છેતરપિંડી કરતી ગેંગને જેતપુર પોલીસે દબોચી લઈ કાર્યવાહી કરી હતી આ અંગેની માહિતી મુજબ જેતપુર તાલુકા વિસ્તારમાં કેટલાક સક્ષો રદ્દી નોટ ના બદલામાં ડબલ નાણા આપી છેતરપિંડી કરતા હોવાની હકીકત મળતા જેતપુર સીટી પોલીસ મથકના પીઆઇ એડી પરમાર તથા વીસી પરમાર પીએસઆઇ જીબી જાડેજા એએસઆઇ ભાવેશભાઈ હેડ કોસ્ટેબલ ચંદ્રસિંહ સહિતના સ્ટાફે પાળીયાદ નો વાલજી ઉર્ફે વિજય ઉર્ફે મુકેશ ધનજી મકવાણા જેતપુરના ફલવાડી વિસ્તારમાં રહેતો અસલમખાન નૂર ખાન પઠાણ તથા એઝાદ ઉર્ફે એજ લો હાજી ઠેબા અને યુસુફ ઉર્ફે ઈસિ લો ગ ઉર્ફે અજય જુમા ચૌહાણ સહિત ચાર શખ્સોની ધરપકડ કરી રૂપિયા ૮૯૫ નો મુદ્દામાલ કબજે કર્યો હતો આ ટોળકીનો મુખ્ય સૂત્રધાર અશ્વિન વિનુ વેગડા ની પોલીસે શોધખોળ શરૂ કરી છે ઉપરોક્ત ટોળકી લોકોને ૧ લાખની ૫૦૦ ની તૂટેલી ફાટેલી કે ડાઘ વાળી નોટ ના બદલામાં બે લાખ આપવાની લાલચ આપી લોકો સાથે છેતરપિંડી કરતા હોવાની ઘટના સામે આવતા તડપકડ કરવામાં આવી છે

# ગોંડલના ગોમટા ગામે જુગાર રમતા ૧૦ શખ્સોની ધરપકડ

ગોંડલ તાલુકાના ગોમટા ગામે તાલુકા પોલીસે જુગારનો ગણના પત્ર કે શોધી ૧૦ શખ્સોને ઝડપી લઈ રૂપિયા એક પોઈન્ટ ૪૮ લાખનો મુદ્દા માલ કબજે કર્યો છે આ અંગેની માહિતી મુજબ ગોંડલ તાલુકા પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રસિંહ તથા ભુપતભાઈ તથા કિશનભાઇ તથા રણજીતભાઈ ધાંધલ સહિતનો સ્ટાફ ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ વાતની મળી હતી કે ગોંડલના ગોમટા ગમે કેટલાક શકશો જુગાર રમતા હોવાની હકીકત મળતા પોલીસે ઉપરોક્ત સ્થળે દરોડો પડતા જુગાર રમતો હરસુખ લવજી રાજા રહે રાજકોટ હસનવાડી તથા રમેશ સમજી જીવાણી રહે રસનાદ ગામ તથા રાજુ દેવકરણ રાજદેવ રહે પહેલા જ પ્લોટ રાજકોટ તથા દિલીપ ચંદુ જસાણી તથા ઈસ્માઈલ જીવા વકાણી તથા પરેશ દયાળજી સૂચક તથા નિઝામ કરીમ જેડા તથા ભાવેશ પરી પ્રતાપરી ગોસાઈ તથા કૌશિક હરજીવન મેરઝા તથા મયુરસિંહ મહિપતસિંહ ઝાલા સહિત ૧૦ પત્તા પ્રેમીઓની ધરપકડ કરી મોબાઈલ અને રોકડ સહિત કુલ રૂપિયા ૧.૪૮ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો

# રાજકોટમાં ત્રણ દિ પૂર્વે લાપતા બનેલ યુવકનો મૃતદેહ ભાદર ડેમમાંથી મળ્યો

## સ્કુટરના આધારે ઓળખ મળી ધંધામાં ખોટ જતાં ભર્યું પગલું

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના સોરઠીયાવાડી સર્કલ પાસ કોઠારીયા કોલોનીમાં રહેતો યુવાન ત્રણ દિવસથી ઘરેથી ગુમ થઈ ગયો હતો. જેની લાશ ગોંડલના લીલાખા ગામે ભાદર નદીમાંથી મળી આવી હતી. યુવાને ધંધામાં ખોટ જતા ભાદર નદીમાં ૬૦ ફુટ ઉંચેથી કુદકો મારી આપઘાત કરી લીધાનું ખુલવા પામ્યું છે. આ બનાવથી પરિવારજનોમાં શોકની લાગણી છવાઈ ગઈ હતી. જાણવા મળતી વિગત મુજબ કોઠારીયા કોલોનીમાં કવાટર નં.૧૬૨માં રહેતો સાગર અનીલભાઈ સિધ્ધપુરા (ઉ.વ.૩૭) નામનો યુવાન ગત તા.૨૧ના બપોરે ઘરેથી લાપતા થઈ જતા પરિવારજનોએ શોધખોળ હાથ ધરી હતી. પરંતુ તનો કોઈ પતો ન લાગતા તા.૨૨ના ભકિતનગર પોલીસ મથકમાં ગુમસુદા નોંધ કરાવી હતી. દરમિયાન ગઈકાલે ગોંડલ તાલુકાના લીલાખા ગામ પાસે ભાદર નદીમાંથી યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે તપાસ હાથ ધરતા ભાદર નદી કાંઠેથી મૃતકનું સ્કુટર મળી આવ્યું હતું. જેના આધારે ઓળખ મળતા તે રાજકોટમાંથી ગુમ થયેલો સાગર સિધ્ધપુરા હોવાનું ખુલવા પામ્યું છે. મૃતક યુવાને ભાદ નદીમાં ૬૦ ફુટ ઉંચેથી કુદકો મારી આપઘાત કરી લીધો હતો.

પ્રાથમિક તપાસમાં મૃતક બે ભાઈ એક બહેનમાં નાનો અને લુહારીકામ કરતો હતો. તેને



સંતાનમાં બે પુત્રી છે. ધંધામાં ખોટ જતા એક મહીના પહેલા પણ તે આજીડેમે આપઘાત કરવા ગયો હતો. જો કે પરિવારને જાણ થઈ જતા તેને બચાવી લીધો હતો. ત્યારે ફરી ઘરેથી નીકળી જીવન ટુંકાવી લેતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે.

# કોટડાપીઠા નજીક યુવક પર છરીથી હુમલો કર્યા બાદ જીવ બચાવવા ભાગ્યો તો કાર અથડાવી

**મુખ્ય સમાચાર રાજકોટ**

આટકોટમા રહેતો યુવાન ચરખા ગામે માતાજીનાં માંડવામાથી પરત ફરતો હતો ત્યારે કોટડાપીઠા ગામ પાસે જુની અદાવતમા એક શખ્સે છરી વડે હુમલો કર્યો હતો. હુમલામા ઘવાયેલો યુવક બાઈક પર બેસીને ભાગ્યો હતો ત્યારે ઘુઘરાળા પાસે પહોચતા હુમલાખોર શખસના મિત્રએ બાઈક્ને કારની ઠોકરે ચડાવતા યુવક્ને ગંભીર ઈજા પહોંચતા યુવક્ને સારવાર માટે રાજકોટ ખસેડવામા આવ્યો હતો.

આટકોટમા આવેલા કૈલાશનગરમા રહેતો રમેશભાઈ બાલાભાઈ દાફડા નામનો ૩૫ વર્ષનો યુવાન રાત્રીના એકાદ વાગ્યાનાં અરસામા કોટડાપીઠા ગામે હતો ત્યારે કિશન ગોવિંદ પરમાર નામના શખ્સે છરી વડે હુમલો કર્યો હતો. યુવક્ને માથાનાં ભાગે ઈજા પહોંચતા હરેશ ચના પરમારનાં બાઈક પાછળ બેસીને જઈ રહયો હતો ત્યારે કોટડાપીઠા નજીક ઘુઘરાળા ગામના પાટીયા પાસે મનુ વાલજી નામના શખસે બાઈક્ને કારની ઠોકરે ચડાવ્યુ હતુ. હુમલામા ઘવાયેલા રમેશભાઈ દાફડાને કાર અકસ્માતમા પણ ઈજા પહોંચતા તાત્કાલીક

સારવાર માટે રાજકોટ સિવીલ હોસ્પીટલ ખાતે દાખલ કરવામા આવ્યો



હતો. આ અંગે રાજકોટ સિવીલ હોસ્પીટલ પોલીસ ચોકીના સ્ટાફે બાબરા પોલીસને જાણ કરતા બાબરા પોલીસ મથક્નો સ્ટાફ તાત્કાલીક રાજકોટ સિવીલ હોસ્પીટલ ખાતે દોડી આવ્યો હતો. પ્રાથમીક પુછપરછમા ઈજાગ્રસ્ત રમેશ દાફડા મજુરી કામ કરી પરીવારનુ ગુજરાન ચલાવે છે. રમેશ દાફડા ચરખા ગામે માતાજીનાં માંડવામા ગયો હતો. જયાથી પરત ફરતી વખતે કોટડાપીઠા ગામે પહોચતા કિશન પરમાર નામના શખસે છરી વડે હુમલો કર્યો હતો. હુમલામા ઘવાયેલો યુવાન બાઈક પાછળ બેસીને ભાગ્યો હતો ત્યારે હુમલાખોર કિશન પરમારનાં મિત્ર મનુ વાલજીએ ઘુઘરાળા પાસે કારની ઠોકરે ચડાવ્યો હોવાનો આક્ષેપ કરવામા આવ્યો હતો. આક્ષેપના પગલે બાબરા પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ભુતખાના ચોકમાં ચાર શખસોએ રોકાવી પોલીસની ઓળખ આપી

## રેપના કેસમાં ફીટ કરવાની ધમકી આપી ચાર શખસોએ ૧૭ હજાર પડાવ્યા

નાનામવા રોડ વિસ્તારમાં રહેતા યુવાન યુવાન છ દિવસ પુર્વે તેના મિત્રો સાથે ત્રિપલ સવારી સ્કુટરમાં જતો હતો ત્યારે ભુતખાના ચોકમાં ચાર શખસોએ રોકાવી પોલીસની ઓળખ આપી પાંચ લાખની માંગણી કરી હતી.અમે ઈન્કાર કરતા રેપ કેસમાં ફીટ કરવાની ધમકી આપી રૂ.૧૭ હજાર પડાવી નાશી છુટયા હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. નાનામવા મેઈન રોડ, દેવનગર-૪/૬ ના ખૂણે રહેતા અભય અશ્વિનભાઈ મુછડિયાએ એ ડીવીઝન પોલીસમાં અજાણ્યા ચાર શખસો સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે છ દિવસ પૂર્વે અમે ત્રણ મિત્રો ત્રિપલ સવારીમાં અમુલ સર્કલ પર ઈંડાની લારીએથી જમીને ઘરે જતા હતા રસ્તામાં ચુનારવાડા ચોક પર માવો ખાવા ઉભા રહ્યા ત્યારથી બે અજાણ્યા શખસો અમારો પીછો કરતા હતા.અને ભુતખાના ચોક પાસે ઉભા રખાવી કહ્યુંકે કેમ ત્રણ સવારીમાં છો કહી બીજા માણસોને ફોન કરવા લાગ્યા અમે પોલીસ છીએ સાહેબ આવે છે બાદ અન્ય બે માણસો આવ્યા અને ચાલો તમને પોલીસ ચોકીએ લઈ જવાના છે કહી પાંચ લાખની માંગણી કરતા અમારો વાંક ના હોય જેથી પૈસા આપવાની ના પાડતા બધાને રેપ કેસમાં પોપટપરા જેલમાં ત્રણ મહિના પુરાવી દઈશ કહી પૈસા તો આપવાજ પડશે બાદ મિત્ર નયનના પર્સમાંથી રોકડ ૭૦૦૦ કાડીને વધુ ૧૦,૦૦૦ની માંગણી કરતા મિત્ર પૃથ્વીરાજ સિંહ ચૌહાણ પાસેથી ઓનલાઈન લીધા હતા.અને તાકિદે એટીએમમાંથી ઉપાડી રોકડા આપવા કહ્યું હતું.પરંતુ આસપાસ એટીએમ ન હોવાથી શખસે કોઈનું સ્કેનર મંગાવી તેમાં ૧૦ હજાર ટ્રાન્સફર કરાવી નાશી છુટયા હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી સીસીટીવી આધારે તપાસ હાથ ધરી છે.